Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૫. કાર્તિક આત્મ સં. ૩૩. અંક ૪ થો.

## પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

| | | | |
|---|---|---|---|
| ૧ સત્ય સ્મરણમ્. ... ... ... | ૮૯ | ૮ ગ્રંથ વાચન અને વિદ્યા વ્યાસંગ. | ૧૦૦ |
| ૨ આત્મોપદેશ. ... ... ... | ૯૦ | ૯ ધર્મ માર્ગમાં સાવધાનતા. ... | ૧૦૫ |
| ૩ આપદ્ ધર્મ. ... ... ... | ૯૧ | ૧૦ આપણી સ્ત્રી કેળવણી. ... | ૧૦૮ |
| ૪ બોધદાયક વચનો. ... ... | ૯૩ | ૧૧ શિખર ઉપરથી દષ્ટિપાત. ... | ૧૧૧ |
| ૫ ઉત્તેજક વચનો. ... ... ... | ૯૭ | ૧૨ વર્તમાન સમાચાર. ... ... | ૧૧૨ |
| ૬ પ્રશ્નોત્તર સમસ્યાઓ ... ... | ૯૮ | ૧૩ સ્વીકાર અને સમાલોચના. | ટાઇટલ ઉપર. |
| ૭ શાંતિ. ... ... ... ... | ૯૯ | | |

મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રી. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્ય પરિચય માટે એક અમૂલ્ય સુચના.

જૈન સમાજમાં થોડા ઘણા અંશે વાંચનનો શોખ વધ્યો છે, તેવા સંયોગમાં અને તે વિશેષ વધે તે માટે કાંઇ પુસ્તક પરિચય આપવાથી વિશેષ લાભ થવા સંભવ છે, એમ જાણી દિવસાનુદિવસ જૈનધર્મના પ્રકટ થતાં નવા પુસ્તકો તે કયા કયા છે? શા વિષય ઉપર છે? લખનાર? પ્રકટ કરનાર કોણુ છે? કઇ ભાષામાં પ્રગટ થયેલ છે? કિંમત, મળવાનું સ્થળ વગેરે માહિતી, વાંચનના અભિલાષિઓને અને જ્ઞાનભંડાર અને પુસ્તકાલયના સંચાલકોને મળે તેટલા માટે દર ત્રણમાસે કે જરૂરીયાત પ્રમાણે આ માસિકમાં ઉપરોકત હકીકત સાથે વારંવાર પ્રકટ કરવાની યોજના કરવા ધારી છે, તેથી જેમ આ માસિકમાં સમાલોચના ( અભિપ્રાયાર્થે ) દરેક ગ્રંથ પ્રકટ કરનાર સંસ્થા અને કેટલાક જૈનબંધુ તેઓના તે તે ગ્રંથો તે માટે મોકલે છે, તેમ જૈન સમાજમાં પ્રકટ થતાં તમામ ગ્રંથો તેના પ્રકટ કર્ત્તા તરફથી માહિતી સાથે અમોને મળે જાય તોજ આ માહેતી પત્રક અમો બનતા પ્રયત્ને આપી શકીયે, જેથી આ કાર્યમાં જૈનધર્મના પ્રકટ થતાં પુસ્તકોના લેખકો, પ્રકાશકો, સંપાદકો, અનુવાદકો વગેરે અમોને ઉપર પ્રમાણે આ ખબર આપવામાં મદદ કરશે તો તે સાભાર સ્વીકારવા સાથે આવતા માસથી આ જાતનું પુસ્તક માહેતી વર્ણન આપવામાં આવશે, જેથી જૈન સમાજમાં કેવું, કેટલું, કઇ જાતનું સાહિત્ય પ્રકટ થાય છે તે જાણી શકાય.

---

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી વિરચિત—

## ऐन्द्र स्तुति चतुर्विंशतिका.

### ( स्वोपज्ञ विवरणयुता )

### સંપાદક મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથમાં ચોવીશ જિનેશ્વરોની સ્તુતિઓ વિવરણ સહિત સંસ્કૃત ભાષામાં શ્રીમાન્ યશોવિજયજી મહારાજ કૃત આવેલ છે. કાવ્યો સુંદર અને ટીકા શાસ્ત્રીય ગંભીર વિચારોથી ભરપૂર છે. અભ્યાસીઓને પઠનપાઠન કરવા યોગ્ય આ કાવ્ય અને વિવરણ શુદ્ધ કરવા તેમજ અસલપ્રતમાં તુટી ગયેલા પાઠાને ઉપાધ્યાયજીના શબ્દોમાંજ સાંધવા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે સ્તુતિપાત્ર પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથમાં આ ચોવીસી સાથે પરમજ્યોતિ પચ્ચીશી, પરમાત્મ પચ્ચીશી, વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય અને શ્રી શત્રુંજય મંડન શ્રી રૂષભદેવ સ્તવન ( સંસ્કૃતમાં ) વગેરે કાવ્યો પ્રકટ કરી સંસ્કૃત સાહિત્યની અભિવૃદ્ધિ કરી છે. સાધુસાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડારોને ખાસ ઉપયોગ માટે આર્થિક સહાય આપનાર બંધુની ઇચ્છાને માન આપી તેમણે આપેલી રકમ બાદ કરી વધારાના ખર્ચ પુરતી માત્ર કિંમત ચાર આના પોસ્ટેજ ખર્ચ અઢી આના સાથે માત્ર નામની કિંમત સાડા છઆના રાખેલી છે. ઉંચા એન્ટીક પેપર ઉપર સુંદર વિવિધ શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી ઉંચી જાતના કપડાનું પાકું બાઇડીંગ કરાવેલ છે.

લખોઃ—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः ।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५५. कार्तिक. आत्म संवत् ३३. { अंक ४ थो.

## ॥ सत्यस्मरणम् ॥

( रामकली रागेण गीयते )

सुधियः ? स्मरत सदा सुखवन्तं, सुधियः ? स्मरत सदा सुखवन्तम् ।
शरणाश्रित जनवत्सल निर्भय, प्रेमवसन्त भवन्तं रे ॥ सुधियः ? ॥ १ ॥

किञ्चन स्थैर्यं मनसि विधाय, भजत जिनागमदेशम् ।
कुमतरचना घटित कृतान्तं, त्यजत दुरन्तमशेषं रे ॥ सुधियः ? ॥ २ ॥

गुरुरविवेकी परिहर्त्तव्यो, दूषयति यो मतिहीनम् ।
सुगुरुवचः परिपीतं किञ्चित्, कुरुते दीनमदीनं रे ॥ सुधियः ॥ ३ ॥

मिथ्यातत्त्वहतात्म विकासं, पृच्छत किं सुखवासम् ।
परमाऽऽनन्द समीहास्या–चेत्किमु न त्यजत परिहासं रे ॥ सुधियः ? ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मनसा निर्जित एव मनुष्यो—लभते नो स्वात्म रतिम् ।
येन जितं निजमानसमेत—त्सपदि स याति सुमतिं रे ॥ सुधियः ? ॥ ५ ॥

भवपाथोधि निदानमनादि, कामलोभमदमानम् ।
परिहर मित्र ! वृषं सुखकरं, भज कुरु जिनपद ध्यानं रे ॥ सुधियः ? ॥ ६ ॥

भवकान्तार गतः किं सहसे ? दुस्सह दुःखमपारम् ।
चिन्तय जगदुपकारमनन्यं, दुर्लभशिवसुखकारं रे ॥ सुधियः ? ॥ ७ ॥

श्रयताऽ**जित** पदकमलमहीनं, सुरमुनि मधुव्रतलीनम् ।
वदत वचन मतिहितदमदीनं, सत्यसुधारसपीनं रे ॥ सुधियः ? ८ ॥

ले०—अजितसागरसूरि—

# આત્મોપદેશ.

પ્રભુ ધ્યાન નિરંતર ધરને, પ્રભુ ગાન પળપળ કરલે—(૨)
જન્મી જગમાં નરભવ પામ્યો, જન્મ સફળ કરલે;
વિષય વિકારો વિષસમ જાણી, અંતરથી તજને;—
મદભર મોહક માનુની નીરખી, મોહીશ ના સ્વપ્ને !;
પુન્ય પ્રભાવે લક્ષ્મી મળતી, ઇચ્છીશ ના પરધનને !—
આદર માન અને અપમાને, હર્ષ શોક તજને;
મૃગજળ માયા ક્રોધ અંગારે, વિવેક શાન્તિ ધરજે.—
લોભ લાલચે પરવશ બનતાં, સત્ય માર્ગ ચુકે;
જગ સેવા એ સાર જીવનનો, સહજ કલ્યાણ કરે.—

ઝવેરી કલ્યાણચંદ કેશવલાલ—વડોદરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપદ્ ધર્મ.

જૈન સમાજને આજે પ્રથમ જરૂર 'આપદ્ ધર્મ' પ્રાપ્ત થવાની છે. આપદ્ ધર્મના ઉંડા રહસ્યમાં ડુબકી મારતાંજ સંગઠિત બળ એ શું વસ્તુ છે તેનું ભાન થાય છે. શ્રી શત્રુંજયની આફતે જ જૈન આલમને ઐકયબળથી શું શું નિપજી શકે છે એનું જ્ઞાન કરાવ્યું. સરદારના હાથ નીચે રહી એકવાકયતા ધરવાના કેવા અનુપમ પરિણામો લાવી શકાય છે તે સમજવા સારૂ પ્રવર્તી રહેલ બારડોલી પ્રકરણ બસ છે. વિપત્તિ વિના માનવજાતની પરીક્ષા યથાર્થપણે નથી થઇ શકતી. સો;ટચના શુદ્ધ સુવર્ણને મૂલ્યવાન પદ મેળવતાં પહેલાં લોહના મુદ્દગરથી ટીપાવાનું અને ધગધગતા અંગારામાં બળવાનું તો સહજ હોય.

પણ એ વાત રખે વિસરી જવાય કે એ આપત્તિ વડેજ સ્નેહના કિંવા સંપના અંકોડા જોડાય છે. **'समान शीलेषु सख्यम्'** અથવા Birds of a feather flock together એ ઉક્તિ અનુસાર જ્યાં લગી દુ:ખની માત્રા સરખાપણામાં વ્યાપ્ત નથી થતી ત્યાં લગી એકત્રિત બળના બી રોપાતાજ નથી; અને આજની દુનિયામાં સમૂહબળ વિના કયું કાર્ય શકય પણ છે?

માટેજ 'આત્માનંદ'ના શરૂ થતાં પ્રાતઃકાળે એ 'આપદ્ ધર્મ'નું સ્મરણ કરવું યોગ્ય લાગ્યું. આત્મ કલ્યાણમાંજ મગ્ન રહેનાર વિભૂતિઓ પણ 'વ્યવહાર નિશ્ચય' રૂપ ઉભય માર્ગોવડે જૈન શાસનનો વિજય વાવટો ફરકાવવાનું કહી રહેલ છે. ત્યાં પછી એના અવલંબન કાળે વિલંબ કરનાર અનુયાયી વર્ગના પ્રમાદ પરત્વે શું કહેવું?

શ્રી શત્રુંજયના વિગ્રહે જૈન જનતામાં અનેરા ઓજસ વહેવડાવવાની આશા આપી હતી, એના ઝાંખા રશ્મિઓ પ્રસરેલા પણ હતા; પણ એ સંગીન દેહ ધરે તે અગાઉ એનું નિરાકરણ થઇ જવાથી પ્રસ્તુત શિથિલ દશામાંથી–વ્યાપી રહેલી ઘેન નિદ્રામાંથી–ગ્રહણ કરેલી અસ્થિર દશામાંથી જગાડવા સારૂ, ચેતન આણવા સારૂ, દેશકાળ પ્રતિ ચક્ષુ ફેંકી કામ કરતા બનાવવા સારૂ કોઇને કોઇ અન્ય પ્રકારના 'આપદ્ ધર્મ'ની આવશ્યકતા છેજ એ વિના ચારલાખ જૈનોની નાડીયોમાં વિદ્યુત વેગે રકત વહેવાનુંજ નથી અને ત્યાં લગી 'મારા ધર્મ માટે મારે પણ કંઇ કરવાનું છે' એવો ઝણઝણાટ પેદા થવાનો પણ નથી, એ તો ખુલ્લુંજ છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આટઆટલા વિપત્વાદળો પોતાપર ઘેરાયલા છતાં એમાંના એકને પણ તે ( જૈન સમાજ ) 'આપદ્ ધર્મ' ના નિમિત્તભૂત નથી બનાવી શકયો એ ઓછું આશ્ચર્ય છે ? આતે કેવી શાંતિ ? ચેતનની કિંવા મૃતકની ? વા પાષાણુની ! તે વિના હજુ પણ તે 'વીસમીસદીનું સ્વરૂપ' વીસરી જઇ 'સોળમી સદી' ની વાતોમાં રાચી રહે ખરો ? કોણ કહી શકશે કે ગચ્છના મતમતાંતરોને પુન: તાજા કરવાનો આ સમય છે ? હજુ પણ ઘરના ઉંબરા બહાર દ્રષ્ટિ નહીંજ નાંખે ? આંખ ઉંચી કરી જોશે તોજ ભાન થશે કે આજે જગતના ચોકમાં શું ચાલી રહ્યું છે ! પોતાનો ફાળો તેમાં કેવા પ્રકારનો હોઇ શકે ? અને એમ જોયા વગર સાન નહીંજ આવે.

બુદ્ધિમત્તાના ઇજારદાર કહેવરાવતાં છતાં, ખુલ્લી ચક્ષુએ નિહાળી રહ્યાં છીએ. " મુન્શીએ વારઆરવાર ઇતિહાસનું ખૂન કરી પવિત્રતાની મૂર્તિઓ સમા શ્રી સંભૂતિવિજય, શ્રી સ્થુલીભદ્રજી અને શ્રીમદ્ હેમચંદ્રસૂરિને અપમાનિત કર્યા, થોડા સમયમાં એ નવલકથાઓ ચિત્ર રૂપે દેખા દેવાની એટલે કે સીનેમામાં રજુ થવાની, દિગંબરભાઇઓ સાથેના તીર્થો સબંધી ઝગડા દિન પડતાં વૃદ્ધિગત થતાજ જાય છે, વસ્તી ગણત્રીમાં આપણે પાછળ પડતા જઇએ છીએ. કેળવણી વિષયમાં તો આપણે અન્ય કોમોના પ્રમાણમાં કંઇજ નથી કર્યું એમ કહીએ તો ચાલે; અને એ બધાને ટપી જાય તેવી સામાજીક સુધારણા સબંધે દષ્ટિપાત કરતાં સંઘોના મતભેદો અને જ્ઞાતિઓના કલેશો જોઇ લોહી ઠંડુ પડી જાય તેવી દુ:ખદ દશા છે, સીદાતા વર્ગનો પ્રશ્ન હવે માત્ર પર્યુષણ પર્વ વેળાની ટીપ માત્રથી નહીં જ ઉકેલી શકાય એમ સમજીએ છીએ. ધાર્મિક ખાતાઓના હિસાબ સબંધેની બૂમો સામે કયાં લગી આંખ આડા કાન કરી શકાશે તેનું ભાન થવા લાગ્યું છે. આ ચિત્ર નજર સન્મુખ તરવરતું ભાળ્યા છતાં મોટા ભાગને જાણે કંઇજ પડી નથી, કેટલાકો તો રોકડું પરખાવી દેશે કે છે ને આણંદજી કલ્યાણજીની પેઢી, અગર તો કહી દેશે કે કોન્ફરન્સ અને એસોસીએશન કયાં ઉંઘે છે ? માત્ર થોડાકજ રસ લઇ સંપૂર્ણ પરિસ્થિતિનો અભ્યાસ કરે છે; એમ કરતાં સાફ દેખાય છે કે જૂના બંધારણ પર નભતી તે કેટલું કરશે ? ડગમગતી દશાવાળી શ્રીમાન ધીમાનના યોગવાળી છતાં સેવાભાવી કાર્યકરોના અભાવે માંડ બબ્બે વર્ષે પણ ઉભી થતી કોન્ફરન્સ તે કેટલી પ્રગતિ સાધી શકશે ? કેવળ ધનવાનોથી તે મોટા કામો થયાં છે ખરા ? જ્યારે આપણા ડીગ્રીધરોને ખુરસીપર બેસી વાતો કરવી છે પણ આમવર્ગની સાથે ભળવામાં પોઝીશનનો બાઉ આડો આવે છે ત્યાં કેટલો પંથ કપાવાનો ? એસોસીએશન એ તો મોટેરા માટે એના દર્શન સેવાના ક્ષેત્ર કરતાં માનપાનના મેળાવડામાં વધુ થાય. એકેયમાં જ્યાં યુવાનોનું ઉછળતું લોહી નહીં, ને આમવર્ગનું બળ નહિં ત્યાં કાર્યનું ફળ કયાંથી બેસે ? કદાચ એકાદ ધનિક ધંધાને વોસરાવી દઇ શાસન સેવામાંજ જીવન અર્પે, ડીગ્રીધરોમાંથી ક્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણીનો મોહ મૂકી એકાદ સોલીસીટર એને સાથ આપે અને સારીયે જૈન સમાજમાં જાગૃતિ આણવાના 'પણ' લઇ પર્યટન અર્થે નિકળી પડે, અને ચાહે તો સાહિત્યપરના કટાક્ષો ને કિંવા તીર્થપરના આક્રમણોને ઉભયમાંથી ગમે તે એકને 'મોટી આપદ' તરીકે સ્વીકારી એનો તોડ આણવા દૃઢ સંકલ્પ કરી, ગામેગામના સંઘોમાં, નવજીવનનો પ્રાણ ફુંકે તોજ જૈન સમાજનું ભાગ્ય ઉજવળ રહે. આતો સ્વપ્ન કહેવાય, છતાં સત્ય નિવડે તો !

લેખક
**મોહનલાલ ડી. ચોકસી.**

**સ્વામી વિવેકાનંદમાંથી** ઉદ્ધરિત (ભાગ ૬-૭ માંથી)

# બોધદાયક વચનો.

૧ તન અને મનની કોઇપણ શકિતનો સદુપયોગ તે સદ્ગુણ અથવા **પુણ્ય છે અને** તેનો દુરૂપયોગ કે ક્ષય તે **દુર્ગુણ** અથવા **પાપ** છે.

૨ આપણને એવી જાતના શિક્ષણની જરૂર છે કે જેનાથી આપણું ચારિત્ર બંધાય (નીતિ રીતિ સુધરે) માનસિક બળનો વધારો થાય, બુદ્ધિ વિશાળ બને અને જેના યોગે માણસ પોતાનાજ પગ ઉપર ઉભો રહી શકે (સ્વાશ્રયી બને).

૩ આપણી માતૃ ભૂમિના કલ્યાણ માટે તેના કેટલાંક બાળકોએ આવી જાતના પવિત્ર બ્રહ્મચારી અને બ્રહ્મચારિણીઓ થવાની ખાસ જરૂર છે.

૪ આ દેશમાં ભાષણોથી કંઇજ વળે તેમ નથી. આપણા ભણેલા દેશીઓ (કદાચ) તે સાંભળશે ને બહુતો તાળીઓ બજાવી 'શાબાશ, ઠીક કહ્યું' ના પોકારો કરી પોતાનો આનંદ જણાવશે એટલુંજ માફ. ઘેર જઇને તો સાંભળેલું તમામ—

૫ આપણને જેની ખાસ જરૂર છે તે થોડાક તરૂણ યુવકોની છે કે જેઓ પોતાના દેશબંધુઓને કાજે સઘળુંજ ત્યાગી દે અને વખત પડે ભોગ આપવા પણ તત્પર થાય. માટે પ્રથમ તો આપણે એમના જીવન ઘડવાં જોઇએ અને ત્યાર પછી ખરા કામની આશા રાખી શકાય.

૬ જે દેશના લોકોને પેટ પુરતું ખાવાનું સુદ્ધાં મળતું નથી તે લોકો ધર્મને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવી રીતે ને ક્યાંથી આચરી શકે ? ( પેટનો ખાડો પૂરાયા વગર ધર્મ-કર્મ સૂઝે ક્યાંથી ? )

૭ કોઇના પણ દોષો તેના મોઢા મોઢ કહો. અને બીજાઓ આગળ તો તેના ગુણજ ગાઓ ( એથી સ્વપર હિત રક્ષા થવા સંભવ છે. )

૮ દરેક જણ પોતે ધારે તેવો મહાન થઇ શકે. અખંડ બ્રહ્મચર્ય એ શકિત યાને બળની ચાવી છે.

૯ માત્ર ઇશ્વર પ્રાપ્તિના હેતુ પૂર્વકજ જે જન બાર વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્ય પાળે છે તેનામાં એ શકિત નિશ્ચય આવે છે. એવો મ્હારો જાત અનુભવ છે.

૧૦ જે પ્રજાને તેનો પાતાનો ઈતિહાસ નથી તે પ્રજાને આ જગતમાં બીજું કંઇજ નથી. હું ફલાણા ફલાણા ખાનદાનનો છું. એવું જે માણસને શ્રદ્ધાપૂર્વક અભિમાન હોય તે માણસ ખરાબ થશે એવું તમે માનો છો ?

૧૧ જ્ઞાન પ્રદાનનું કામ જ્યાં સુધી ત્યાગી ( સાધુ ) સંન્યાસીઓને હાથે હતું ત્યાં સુધી ભારતનું ભવિષ્ય સર્વથા ઉજળું હતું ભારતને માટે બધી બાબતજ સુગમ હતી.

૧૨ ભારત સંતાનોના શિક્ષણનો ભાર જ્યાં સુધી સાચા ત્યાગીઓના શિરે પાછો નહિ મેલવામાં આવે ત્યાં સુધી ભારતને પારકા જોડા ઉપાડવાજ પડશે.

૧૩ આપણા લોકનું મોટું અનિષ્ટ આળસ છે અને એજ આપણી દારિદ્રનું મુખ્ય કારણ છે.

૧૪ વિશ્વવ્યાપી બંધુત્વ યાને 'વસુધૈવ કુટુમ્બકમ્' એ ભાવને શી રીત પમાય છે ? પ્રથમ તો એક જ્ઞાતિ પંથ કે મંડળના સંકુચિત અને નાના સરખા મર્યાદિત ક્ષેત્રમાંજ એ બંધુ ભાવની શરૂઆત થાય છે પછી પાયરી દર પાયરી આગળ વધતાં તેનો ધીરેધીરે વિકાસ થઇને છેવટે ' વસુધૈવ કુટુંબકમ્ '-વિશ્વવ્યાપી બંધુત્વના ઉત્કૃષ્ટ ભાવને પમાય છે.

૧૫ ઉમર વધવાની સાથે મનુષ્યના પ્રેમ, ભકિત અને વિશ્વાસનું ક્ષેત્ર પણ વિસ્તૃત થવું જોઇએ અને મરણ સમય નજદીક આવતાં તો ચરાચર સર્વ સૃષ્ટિમાં પ્રભુનો સાક્ષાત્કાર કરવાની સ્થિતિએ પહોંચવું જોઇએ.

૧૬ કાર્યની સિદ્ધિના વિલંબ અવિલંબનો આધાર તે કાર્ય માટેની ખંત અને સ્વાર્થ ત્યાગની મર્યાદાપર રહેલો છે.

૧૭ આંતર તેમ બાહ્ય જીવનની ઉન્નતિ સાધો અને તેમાં વિષમતા આવવા ન દો.

૧૮ ત્યાગ અને સેવા એ બે હિન્દના રાષ્ટ્રીય ધ્યેયો છે. એ બે દિશામાં પૂર્ણ પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતિ થતાં–એ બે ભાવોની રેલમ છેલ થતાં બાકીનું બધું આપોઆપ આવી મળશે.

૧૯ ધાર્મિકતાની ધ્વજા–અધ્યાત્મ જ્ઞાનની પતાકા ભારત વર્ષમાં જેટલી પણ ઉંચે ચઢે તેટલી ઓછી છે. એમાંજ ભારતનો ઉદ્ધાર છે અને એજ ઉદ્ધારની ચાવી છે.

૨૦ મનુષ્ય જે કામ કરે છે તે ઉપરથી નહી પણ તે જે રીતિથી પોતાનું કામ કરે છે તે રીત ઉપરથી તેને હલકો કે ઉત્તમ કહેવો જોઇએ. કામ કરવાની રીત અને તે કરવાની તેની શકિત એ એજ મનુષ્યની ખરેખર કસોટી છે.

૨૧ અજ્ઞાનાવૃત જીવાત્માઓને જાગૃત અને મુકત કરવામાં ઉચ્ચ કોટિની નિષ્કામ કર્મનિષ્ઠા ખરેખર ઘણીજ મદદગાર થાય છે.

૨૨ પ્રત્યેક વિજયવંત મનુષ્યની પાછળ કોઇને કોઈ ઠેકાણે પ્રચંડ નીતિ અને પ્રચંડ સહૃદયતા રહેલી હોવી જોઇએ.

૨૩ નિ:સ્વાર્થતાના પ્રમાણમાંજ સફળતાનું પ્રમાણ રહેલું હોય છે.

૨૪ જે માણસ સ્વતંત્ર રીતે નિષ્કામપણે કર્મ કરે છે તે પરિણામની પરવા કરતો નથી. નોકર હોય છે તેજ પગારની ગરજ કરે છે રાખે છે.

## આત્મ ઉન્નતિ પ્રેરક સ્વામી વિવેકાનંદના હિત વચનો.

૧ મનુષ્ય જ્યારે અહંભાવ ભૂલી જઇને એક નિષ્ઠાથી કામ કરે છે ત્યારે જે કાર્ય થાય છે તે ઉલટું બહુજ સારૂં થાય છે. બધાંજ કાર્યો એવી રીતે કરવાં જોઇએ.

૨ યોગવડે જેણે પરમાત્મા સાથે એકતા સાધી છે તે મનુષ્ય પોતાનાં બધાંજ કાર્યો એવી રીતે એક તાનથી કરે છે, અને તેમાં કોઇ જાતનો સ્વાર્થ રાખતો નથી.

૩ આપણે એવાં કામ હાથ ધરવાં જોઇએ કે જેમાં સારાનું પ્રમાણ વધારેમાં વધારે હોય અને દોષનો ભાગ ઓછામાં ઓછો હોય. નિર્ભય, સાહસી અને નિસ્પૃહ થવું એ કેટલું સારૂં છે.

૪ જે લોકો પોતાનો અહંભાવ ભૂલી જઇને કામ કરે છે તેઓ દોષ ભાગથી અલિપ્ત રહે છે, કારણ કે તેઓ જે કાર્ય કરે છે તે જગતના શ્રેય અર્થે હોય છે.

૫ અનાસકત રહી કર્તવ્ય–કર્મ આચર્યાથી સર્વોત્તમ સુખ ને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

૬ જેને કશાની પરવા નથી હોતી તેની પાસે બધુંજ આવે છે યત:–ત્યાગે તેની આગે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ આદર્શ—અને તે પણ એકજ આદર્શ માટે જીવો. તે આદર્શને એવો તો મહાન, એવો તો સંગીન થવા દ્યો કે જેથી મનમાં બીજા કોઇપણ ભાવ રહેવા ન પામે

૮ બીજા કશાને માટે મનમાં અવકાશજ ન રહે કે બીજું વિચારવા વખત પણ ન રહે.

૯ " આદર્શ માટેની તાલાવેલી " બસ આદર્શની સિદ્ધિને માટે એજ એક સર્વથી પહેલું અને મોટામાં મોટું પગથીયું છે; તે પછી તો બધું સહેલું ને સરલજ આવે છે.

૧૦ પરમાત્માનેજ હમેશાં ખોળો કેમકે પરમાત્મામાંજ અનંત સુખ રહેલું છે.

૧૧ જે અપરિમેય અને અનિર્વચનીય છે, જે હ્રદયનો ઉંડાણમાંજ માત્ર જોઇ શકાય છે, જે તુલનાતીત છે, સીમાતીત છે, અવિકારી છે ને આકાશ જેવો અનંત છે તે પરમાત્માને ઓળખો, તેનેજ ખોળો–બીજા કશાને ખોળો;મા.

૧૨ સર્વ વ્યાપક અને સર્વ શકિતમાન સચ્ચિદાનંદના જ્ઞાનદ્વારા શાશ્વત શાન્તિ અને પ્રેમની પ્રાપ્તિ એજ યોગીજનની એક માત્ર ભાવના હોય છે.

૧૩ જેમના ઉપર કોઇ પણ જાતના બંધનનો અધિકાર ચાલતો નથી તેજ ખરો યોગી છે.

૧૪ માત્ર ( આત્મ ) સાક્ષાત્કારજ આપણને મુકિતનો અનુભવ કરાવે છે.

૧૫ સાચું સુખ ઇન્દ્રિયોના વિષય ભોગોમાં નથી રહ્યું, પણ ઇન્દ્રિયોથી પર રહ્યું છે.

૧૬ ખરૂં વ્યકિતત્વ કદાપિ વિકાર પામતું નથી અને પામશે પણ નહિ; એવું વ્યકિતત્વ તે આપણો અંતરાત્મા–શુદ્ધાત્મા–નિત્યાત્મા છે. આપણે પોતેજ છીએ.

૧૭ ભલા થવું ને ભલાઇ કરવી એજ ધર્મ સર્વસ્વ છે.

૧૮ પ્રમાણિકતા એજ સૌથી સરસ નીતિ છે, સદ્દગુણી માણસને અંતે લાભજ થાય છે.

૧૯ મહાન ચીજો મહાન ભોગો (આત્મ સમર્પણ) સિવાય કદી બની શકતી નથી.

૨૦ મ્હારો આત્મા સનાતન શાન્તિ અને અનંત આરામને માટે તલસે છે.

૨૧ એકલા ( સાવધાન ) રહો, એકલા સાવધ રહો ! એકલો રહેનારો બીજાઓની સાથે કદી અથડામણમાં નથી આવતો, કોઇને ખલેલ નથી કરતો ને પોતે ખલેલ નથી પામતો.

**સંગ્રાહક મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સ્વામી વિવેકાનંદના આત્મ હિતૈષી જનોને ઉત્તેજક વચનો.

૧ અનંત વીર્ય, અનંત ઉત્સાહ, અનંત સાહસ અને અનંત ધૈર્યની અપેક્ષા છે, તોજ મહાકાર્ય સિદ્ધ થઇ શકે ને દુનિયાનું ભલું થઇ શકે.

૨ ‘ સમયોચિત કર્તવ્ય સાધન ’ એજ શ્રેષ્ઠ માર્ગ છે અને કાર્યાકાર્યને સમજીને કાર્ય આદરવાથી તે બંધન રૂપ નીવડતું નથી.

૩ શુભની વૃદ્ધિદ્વારાજ અશુભનો નાશ થશે.

૪ દોષ જોવા બહુ સ્હેલ છે, પરંતુ ગુણ જોવા એજ મહાપુરૂષનો ધર્મ છે.

૫ ભય કેવો ? કોનો ભય ? છાતી વજ્ર જેવી કરીને ( કર્તવ્ય કરવાં ) મંડી પડો.

૬ પરસ્પરની ટીકા કરવી એતો સર્વ નાશનુંજ મૂળ છે.

૭ યથાર્થ સાધુતા, હૃદયની ઉદારતા, મહત્તા અને પવિત્રતા જ્યાં પણ હોય ત્યાં મ્હારૂં મસ્તક ચિરકાળ આદર પૂર્વક નમો.

૮ સ્વાર્થ સાધનારૂપ લોઢાની સાંકળ અને નિઃસ્વાર્થ સેવારૂપ સોનાની એવી બે સાંકળો પૈકી સોનાની સાંકળ અનેક રીતે ઉપકારક છે, અને હેતુ સરી રહેતાં તે સાંકળ પોતાનીજ મેળે દૂર થઇ જાય છે.

૯ કેવળ મારા પોતાનાજ કલ્યાણનો વિચાર કરવાનો હું ગમે તેટલો યત્ન કરૂં છું છતાં પણ બીજાઓના હિતનો વિચાર મને વારંવાર આવ્યા કરે છે—વખતો વખત તેમ કરવાની મને ફરજ પડે છે.

૧૦ જો તમને નેતા થવાની ઇચ્છા હોય તો પ્રથમ સૌના સેવક બનો.

૧૧ શક્તિ વિના જગતનો ઉદ્ધાર નથી થતો, તેના વગર કંઇજ નીપજે નહીં.

૧૨ પરોપકાર વૃત્તિ આવ્યા વગર પોતાની મુક્તિની ઇચ્છા ધરવી એજ અઘટિત છે. પરને અર્થે જેણે સર્વસ્વ અર્પી દીધું છે તેજ મુક્ત થાય છે.

૧૩ દોષો અને ખામીઓ ભરપૂર હોવા છતાં હિન્દનીજ ભૂમિ માત્ર એક એવી છે કે જ્યાં જીવાત્મા મુક્તિ સંપાદીત કરી શકે છે—પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે.

૧૪ આ બધો પાશ્ચાત્ય ભભકો મિથ્યા ગર્વ માત્ર છે, તે આત્માને માટે કેવળ બંધનકર્તાજ છે.

૧૫ સત્યજ માત્ર એકલું ચિરંજીવ છે, ભગવાન સત્ય દેવ ! તુંજ મારો માર્ગદર્શક થા ! ઇતિશમ. સંયોજકઃ—

**મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશ્નોત્તર સમસ્યાઓ.

( રચનાર-શાહ-છગનલાલ નહાનચંદ નાણાવટી, ભરૂચ, વેજલપુર )

( દોહારા. )

સ્થાન કયું તરવા તણું, કયું અંગ દે દાન;
ઉત્તર દેતાં વંદજે, **તિર્થંકર** જગભાણ. ૧
પ્રાણજીવન પ્રાણી કયું, કોણ નામ અજ્ઞાન,
**ગૌ-તમ** ગણધર વીર શિષ્ય, ઉત્તર એનો જાણ. ૨
નામ કયું આ ખંડનું, મોહટો કોણ મનાય,
**ભરતેશ્વર**[1] ભદ્રક હુવા, ઉત્તર સત્ય જણાય. ૩
કઇ ધાતુ કીમતી ઘણી, કોણ હરે અંધકાર,
ઉત્તરમાં મળશે તને, **હેમચંદ્ર** સુખકાર. ૪
કયું ધાન્ય ઉત્તમ કહ્યું, પુણ્યથી શું પમાય,
**શાલિ—ભદ્ર**[2] સુખીયા થયા, ઉત્તર એમ અપાય. ૫
કવણ નામ કલ્યાણનું, કવણ અંગ તરનાર,
**ભદ્ર-બાહુ** ભલું નામ દે, તમ તિમિર હરનાર. ૬
સુખ મળતાં શું ઉપજે, સમુહ તણો શો અર્થ,
**આનંદ-ઘન** યોગી પુરા, દો ઉત્તર લઇ ગર્થ. ૭
કયું દાન ઉત્તમ કહ્યું, કોણ નામ યુવરાજ,
**અભય-કુમાર** ઉત્તર ભલો, સુત શ્રેણીક મહારાજ. ૮
પુરૂષારથ ત્રીજું કયું, સ્વર્ગે કોણ રહંત,
ઉત્તર શ્રાવક **કામ-દેવ,** ગાવે ગુણ મહંત. ૯
કોણ વસે કાયા વિષે, પથ્થર તરે કોણ નામ,
**આત્મા-રામ** ઉત્તર સહી, પામ્યા ઉત્તમ ધામ. ૧૦
શીતળ પૂજન દ્રવ્ય કયું, કોણ કુમારી હોય,
પ્રેમે ઉત્તર આપજો, **ચંદન-બાલા** સોય. ૧૧
કોણ અમર યાવત્ રહે, સુખ મળતાં શું થાય,
ઉત્તર એનો આપતાં, **આત્માનંદ**[3] પમાય. ૧૨
કોણ સદા સાવધ રહે, શું મળે થાતાં જીત.
જાણો ઉત્તર આપવા, **શત્રું-જય** ખચીત. ૧૩
રંગ કેવો છે દૂધનો, કાયા ઢાંકણ કોણ,
**શ્વેતાંબર**[4] શાણા ભલા, ઉત્તર જાણો ગૌણ. ૧૪

૧ ભરત-ઇશ્વર ૨ કલ્યાણ, સુખ ૩ આત્મા-આનંદ ૪ શ્વેત-અંબર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શાંતિ.

નાનચંદ ઓધવજી દોશી.

આ લેખ યોગ સંબંધનો છે. તેને ઇંગ્રેજીમાં મુકવાનું કારણ તે લેખમાં આવેલાં કેટલાક પારિભાષિક શબ્દોનો અર્થ ગુજરાતી ભાષામાં બરાબર નથી થતો જેથી લેખક મહાશયની ઇચ્છા મુજબ તેમણે લખેલ ભાષામાં જ મુકયો છે.

( માસિક કમિટી )

Two movements–the ascent and the descent. The ascent or the upward movement takes place when there is a sufficient aspiration from the being i.e. from the various mental, vital and physical planes. Each in turn ascends above the mind to the place where it meets the supramental and can receive the origination of all its movements from above. The higher descends when you have a receptive quietude in the various planes of your being prepared to receive it. In either case whether inspiring upwards to rise to the higher or in remaining passive and open to receive the higher an *entire calmness in the different parts of the being is the true condition.* you must get the natural openness in which a silent call or a simple effortless will is sufficient to induce the action of the Divine.

Quietude of the mind is the essential condition to get the higher consciousness. The ordinary nature of the mind is either to be active or if denied activity to go to sleep. The right way to get it is to direct the aspiring દૃષ્ટિ of the entire અંતઃકરણ. This should be continued and made progressively our normal condition.

The replacing of the power of the lower consciousness by that of the higher is the object of life–the surrender of our small, narrow, personal being and its activities to the higher and vaster divine activities when the higher consciousness establishes itself in the vital being, the vital being becomes full of calm, power and wide. Once this is attained, powers of the ignorance in the lower vital become less at once. Sadhana is going on rapidly. All depend on a complete sincerity , and integral consecration and aspiration.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



The first thing to do in sadhana is to get a settled peace and silence in the mind. Otherwise you may have experiences, but nothing will be permanent. It is in the silent mind that the true consciousness can be built. A quiet mind does not mean that there will be no thoughts or mental movements at all. but that these will be on the surface and you will feel your true being within separate from them observing but not carried away, able to watch and judge them and reject all that has to be rejected and to accept and keep all that is true consciousness and cxperience.

Keep constant sense of the inner being, in you, standing back from the external nature and turned to the Light and Truth.

Calm, even if it seems a negative thing, is so difficult to attain that to have it at all must be regarded as a great step in advance.

In reality, calm is not a negative thing, it is the very nature of the સત્ પુરૂષ, and the positive foundation of the Divine consciousness. Even knowledge, power, anand, if they come and do not find this foundation are unable to remain and have to withdraw until the Divine purity and peace of the સત્ પુરૂષ, are permanently there. Only in the quiet mind and being can the supramental Truth build its true creation.

## ગ્રંથ વાચન અને વિદ્યાભ્યાસંગ.

( અંક ૨ ના પૃષ્ટ ૪૯ થી શરૂ )

### વિઠ્ઠલદાસ–મૂ–શાહ.

જે પુસ્તકોનું આટલું બધું મહત્વ છે તેના વાચન સંબંધી પણ કેટલીક બાબતો જાણવાની આવશ્યકતા છે. સૌથી પહેલી વાત તો એ છે કે આપણે જે કાંઇ વાંચવું તે ઘણા જ વિચારપૂર્વક અને શાંત ચિત્તથી વાંચવું જોઇએ. એક વિદ્વાનનું મંતવ્ય છે કે અધ્યયનનું કાર્ય કેવળ મનો-વિનોદ અર્થે નહિ, પરંતુ કર્તવ્યરૂપે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવું જોઇએ. જેવી રીતે આપણે આપણાં કર્તવ્યોનું પાલન બરાબર મન દઇને કરીએ છીએ એજ રીતે ખૂબ ધ્યાન દઇને આપણે અધ્યયન કરવું જોઇએ. કેવળ મનો–વિનોદને અર્થે રદ્દી અને રૂચિ બગાડનારા ઉપન્યાસો કે કથા કહાણીઓનાં પુસ્તકો વાંચવા તે કરતાં કાંઇ જ ન વાંચવું એ સારૂં છે. હમેશાં ઉત્તમોત્તમ વિષયોનાં પુસ્તકો–જીવન ચરિત્ર, ઈતિહાસ, નિબંધ, તેમજ નીતિ તથા વિજ્ઞાનના ગ્રંથો–વાંચવા જોઇએ, અને તે માંહેના સારા વિચારોનું પરિશીલન અને મનન કરવું જોઇએ. આપણે જે કાંઇ વાંચીએ તેનો સર્વોત્તમ અંશ આપણે હમેશાં સ્મરણમાં રાખવો જોઇએ, જેથી વખત આવે આપણને એ બધું કામ લાગે. સારા સારા ઉપદેશ વચનો સ્મરણમાં રાખવાથી આપણે આપત્તિને સમયે પોતાની જાત ને તેમજ બીજાને ધૈર્ય તથા સાંત્વન આપી શકીએ. એવાં વચનોની સહાયતાથી આપણે પોતે કોઈ વખત કુમાર્ગે જતાં બચી શકીયે છીએ અને બીજાને બચાવી શકીએ છીએ. વિજ્ઞાન આદિ વિષયોની સારી સારી બાબતો સ્મરણ રાખવાથી આપણે પોતાને કોઇ વખત લાભ કરી શકીએ છીએ અને બીજા ઉપર પણ ઉપકાર કરી શકીએ છીએ. કોઇ વખત ચાર મિત્રો સાથે બેસીને એ યાદ રાખેલી વાતોવડે પવિત્ર મનોવિનોદ પણ કરી શકે છે. પુસ્તકોમાં આવેલી સારી બાબતો ધ્યાનમાં રાખવાનો અભ્યાસ પાડવાથી આપણે આપણી સ્મરણ શકિત પણ વધારી શકીએ છીએ. એ સિવાય સ્મરણમાં રાખેલી બાબતોથી બીજા અનેક જાતના લાભ ઉઠાવી શકીએ છીએ.

ધારો કે આપણે ઘણી બાબતો યાદ ન રાખી શકીએ તો પણ કેવળ વાંચનથી જ આપણને ઘણો લાભ થાય છે. જે લોકોને કોઇ જાતનું દુર્વ્યસન લાગ્યું હોય તેવાઓને જો કોઇ પણ રીતે વાંચનનો શોખ લગાડી દેવામાં આવે તો તેઓ દુર્વ્યસનથી બચી જશે અને સન્માર્ગે ચઢી જશે. જો કોઈ નીતિ વિરૂદ્ધ આચરણ કરતા હશે તો પણ સંભવ છે કે તેઓ ગ્રંથવાચનથી તે છોડી દેશે. શારીરિક પરિશ્રમ કરનારા લોકો ફુરસદને સમયે પુસ્તકો વાંચવા લાગે તો તેઓનો થોડો ઘણો થાક ઉતરી જાય છે. આ એક અનુભવસિદ્ધ વાત છે કે કદિ કોઇ માણસ શારીરિક પરિશ્રમને લઇને અત્યંત થાકી ગયો હોય તો થોડીવાર જરા જોરથી એકાદ પુસ્તક વાંચે છે તો તેનો થાક ઉતરી જાય છે. દિવસ રાત વેપારમાં રચ્યા પચ્યા રહેનાર માણસો સંધ્યા સમયે કોઇ સારા પુસ્તકનું વાચન કરે તો તેઓની પ્રકૃતિ અલ્પ સમયમાં ઠેકાણે આવી જાય છે.

જેવી રીતે આપણાં શરીરને અન્ન તેમજ કસરતની જરૂર છે તેવી જ રીતે આપણાં મન અથવા મગજને પણ છે. અધ્યયન અથવા વાચન આપણા મનનું અથવા મગજનું ભોજન છે અને મનન અથવા વિચાર એની કસરત છે. જેવી રીતે આપણે આપણાં શરીરને નિરોગી સુસ્થિતિમાં રાખવા માટે હમેશાં નિયમિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપણે ભોજન અને કસરત કરીએ છીએ તેવીજ રીતે આપણાં મનને કે મગજને ઠીક સ્થિતિમાં રાખવા માટે આપણે હમેશાં નિયમિતપણે અધ્યયન અને મનન કરવાં જોઇએ. પ્રત્યેક મનુષ્યે પોતાની સગવડ મુજબ હમેશાં વાંચનનો અમુક સમય નિયત કરી લેવો જ જોઇએ. વાંચનને માટે કાંતો પ્રાત:કાળનો સમય અથવા રાત્રે નિદ્રાધીન થયા પહેલાંનો સમય સારો છે. એમાં પણ પ્રાત:કાળનો સમય વધારે સારો છે, કેમકે એ સમયે મનની શાન્તિ ખૂબ રહે છે. એ સમયે આપણે જે કાંઇ વાંચીએ છીએ તેના ઉપર વિચાર પણ સારી રીતે કરી શકીએ છીએ. રાત્રે નિદ્રાધીન થયા પહેલાં જો કાંઇ વાંચીએ છીએ તો શરીરનો આખા દિવસનો થાક ઉતરી જાય છે અને નિદ્રા પણ ઘસઘસાટ આવી જાય છે. છતાં વાંચનને માટે આપણે જે સમય નિયત કરી રાખીએ તે સમયે આપણે હમેશાં નિયમિત પણે જરૂર વાંચવું જ જોઇએ. એ તો પહેલેથી જ કહેવાઇ ગયું છે કે આપણે જે કાંઇ વાંચવું તે ખૂબ વિચાર અને સમજ પૂર્વક વાંચવું અને લેખકના વિચારોને સારી રીતે સમજતા જવું. વાંચતી વખતે દરેક બાબત પર સારી રીતે વિચાર કરવો તેમજ મનન પૂર્વક તેની ઉપયોગિતાનો વિચાર કરી લેવો તે ઘણું લાભદાયક અને આવશ્યક છે. ઝપાટા બંધ બસો ચારસો પુસ્તકો વાંચી જવા કરતાં આ રીતે વિચાર પૂર્વક વાંચેલા બે ચાર પુસ્તકોથી સંગીન લાભ થાય છે. આજકાલ આપણને એવા અનેક માણસો મળશે કે જેઓ દરેક પુસ્તકનું નામ સાંભળીને કહી દેશે કે હા, મેં એ પુસ્તક વાંચ્યુ છે. અને વાત પણ સાચી કે તેઓએ એ પુસ્તક વાંચ્યુ પણ હોય. પરંતુ કોઇ તેને પૂછે કે એ પુસ્તકમાં કયી બાબતો આવે છે તો તે કહેશે કે એ મને યાદ નથી, કોઇ એવો ધૃષ્ટતાથી વિના સંકોચે જવાબ દેશે કે, ભાઇ, અમે તો હજારો પુસ્તકો વાંચ્યા છે, બધા પુસ્તકોની અંદરની બાબતો કયાં સુધી યાદ રહે ? આવાં વાચનથી શો લાભ ? એ તો વાંચવું કે ન વાંચવું સરખું જ છે. જેવી રીતે કોઇ દેશની ખરેખરી દશાનું પુરેપુરૂં જ્ઞાન મેળવવા માટે ત્યાંની પ્રાકૃતિક શોભાઓ વિગેરે જોવા તેમજ ત્યાંના લોકોની રીતિ નીતિ વિગેરેથી સારી રીતે માહિતગાર થવા માટે કેવળ રેલગાડીમાં બેસીને તે દેશના એક છેડાથી બીજા છેડા સુધી ચાલ્યા જવું જ પુરતું નથી, પરંતુ જોવાલાયક સ્થળોએ બે ચાર દિવસ રહેવાની, ખૂબ ફરવાની, ત્યાંના રહેવાસીઓની સાથે હળવા મળવાની તથા સઘળી બાબતોનું સારૂં નિરીક્ષણ કરવાની આવશ્યકતા છે તેવી રીતે કોઇપણ પુસ્તકની સારી બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઝપાટાબંધ પહેલેથી છેલ્લે સુધી એકવાર વાંચી જવું જ પુરતું નથી, પરંતુ તેના પ્રત્યેક વાકય ઉપર સારી રીતે વિચાર કરવાની ઘણી જ જરૂર છે. જ્ઞાનની વૃદ્ધિ એ રીતેજ થઇ શકે છે– વાંચનનો ઉદ્દેશ એ રીતે જ સિદ્ધ થઇ શકે છે. પ્રાચીન સમયમાં છાપવાના યંત્રોના અભાવે પુસ્તકો અત્યારની જેમ સુલભ નહોતા. એટલા માટે તે વખતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોને જે કાંઇ પુસ્તક વાંચવા મળતું તેનું સારી રીતે અધ્યયન કરતા હતા. અને તેથી તેઓ જે વિષયનું અધ્યયન કરતા તેમાં સંપૂર્ણ પાંડિત્ય પ્રાપ્ત કરતા હતા. પરંતુ આધુનિક જમાનાનું સઘળું પાંડિત્ય તો કેવળ પુસ્તકાલયોમાં જ રહેલું છે. જેની પાસે જેટલું મોટું પુસ્તકાલય હોય છે તે તેટલો મહાન પંડિત ગણાય છે. પરંતુ વાસ્તવિક રીતે એમ ન હોવું જોઇએ. આજકાલ પ્રત્યેક વિષયપર ઘણા સારાં સારાં પુસ્તકો પણ ઘણી સસ્તી કિંમતે મળી શકે છે એવી સ્થિતિમાં આપણે એ સુલભતાનો સદુપયોગ કરવો જોઇએ. સારાં સારાં પુસ્તકોનો સંગ્રહ કરીને ખૂબ ધ્યાનથી તેનું અધ્યયન કરવું જોઇએ અને તેની અંદરની બાબતોને સારી રીતે હૃદયંગમ કરી લેવી જોઇએ. એજ જ્ઞાન પ્રાપ્તિનો ખરો અને યોગ્ય માર્ગ છે. નહિ તો અધ્યયન કે વાંચનનો ઉદ્દેશ સિદ્ધ નહિ થઇ શકે.

ધર્મ, નીતિ, વિજ્ઞાન વિગેરે સઘળા વિષયોનાં પુસ્તકો ઘણા ઉપયોગી છે તેમજ ઉત્તમ કોટિના ઉપન્યાસો, નાટકો તથા કાવ્યો વિગેરેથી પણ મનુષ્યને ઘણો લાભ થાય છે, પરંતુ કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે સૌથી અધિક લાભકારક તો મહાપુરૂષોના જીવનચરિત્રો જ છે, કેમકે મનુષ્યને સદાચારી બનવામાં સૌથી વધારે સહાયતા એનાથી જ મળે છે. એમાં જરાપણ સંદેહ નથી કે જો મનુષ્ય ધ્યાનપૂર્વક કોઇ મહાપુરૂષનું જીવનચરિત્ર વાંચે અને પછી તેમનાં કાર્યો, વ્યવહારો તથા અનુભવો ઉપર સારી રીતે વિચાર કરે તો તેને ઘણોજ લાભ થઇ શકે છે. એટલા ઉપરથી જ ઘણા પ્રાચીન સમયથી સર્વ દેશોના સાહિત્યમાં સારા સારા જીવન ચરિત્રો લખવાની પ્રથા પડી છે. જુદા જુદા દેશોમાં અથવા સાહિત્યમાં તે લખવાની પ્રણાલી કદાચ એક બીજાથી જુદી હશે, પરંતુ કોઇ ને કોઇ રૂપમાં સર્વ દેશોમાં તેનું અસ્તિત્વ અવશ્ય છેજ. નાટકો અને ઉપન્યાસોની ગણના પણ જીવન ચરિત્રોમાં જ થવી જોઇએ, કેમકે તેનો ઉદ્દેશ પણ મનુષ્યને ચરિત્રો દેખાડવાનો હોય છે, પરંતુ તેનો અધિકાંશ કલ્પિત હોવાથી ખરેખરા જીવન ચરિત્રો જેટલું તેનું મહત્વ કે મૂલ્ય નથી થતું. ઈતિહાસની ગણના પણ એક રીતે જીવનચરિત્રોમાંજ થવી જોઇએ, કેમકે તે પણ અનેક લોકોનાં જીવનચરિત્રોનો સમૂહ બનેલો હોય છે. એ સિવાય ઈતિહાસની અંદર એ પણ બતાવવામાં આવે છે કે મહાપુરૂષોના કાર્યો તથા વિચારોનો પ્રભાવ તેઓના દેશ કે રાષ્ટ્ર ઉપર કેટલો પડયો છે. જીવનચરિત્રો વાંચવાથી આપણને એટલું પ્રતીત થાય છે કે સંસારમાં જુદા જુદા પ્રસંગે મનુષ્યે કેવા પ્રકારનો વ્યવહાર રાખવો જોઇએ. અને ઇતિહાસ વાંચવાથી એટલું પ્રતીત થાય છે કે પોતાના દેશ કે રાષ્ટ્ર ઉપર કોઇ વિકટ પ્રસંગ આવી પડે ત્યારે આપણે શું કરવું જોઇએ. મહારાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી મહારાજ, ગુરૂ ગોવિંદ-સિંહના જીવનચરિત્રો તેમજ તેમના સમયના ઈતિહાસને રાજનીતિના મહાન શિક્ષક ગણવા જોઇએ. એ બધું વાંચવાથી આપણને એટલી પ્રતીતિ થાય છે કે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતે દેશપર વિપતિ આવે તે સમયે તેના નિવારણને માટે કેવા કેવા ઉપાયો યોજવા જોઇએ. પૃથ્વીરાજ, શંભાજી, બાજીરાવ વિગેરેના જીવનચરિત્રો તથા તેમના સમયનો ઇતિહાસ વાંચવાથી આપણને એટલું જ્ઞાન થાય છે કે જે મનુષ્ય પોતાના કર્તવ્યોનું પાલન ચુકી જાય છે અને વિષયવાસનાઓમાં ફસાઇ જાય છે તેની સંપત્તિ ગમે તેટલી વિપુલ હોય, પ્રતિષ્ટા ગમે તેટલી અધિક હોય તોપણ તે બધું ઘણા અલ્પ સમયમાં નષ્ટ થઇ જાય છે. તે સાથે એ પણ જ્ઞાન થાય છે કે જે લોકો એવા પ્રસંગે પરિશ્રમ અને પ્રયત્ન કરે છે તેથી પોતાને ઘણોજ લાભ કરી શકે છે. આજકાલના યુરોપના સુધરેલા દેશોના ઇતિહાસ કહી રહ્યા છે કે કીર્તિ, વૈભવ તેમજ અધિકાર પ્રાપ્ત કરવા માટે પ્રત્યેક મનુષ્યને વિદ્યા તેમજ જ્ઞાન સંપાદન કરવાની અનિવાર્ય આવશ્યકતા છે.

ગ્રંથ વાચન અને ખાસ કરીને ઇતિહાસના અધ્યયનમાં આપણે પાશ્ચાત્ય પ્રજા પાસેથી શીખવાનું છે. તેઓના વૈભવ અને કીર્તિનો અધિકાંશ તેઓના વિદ્યાપ્રેમને લઇને જ છે. તેમજ પોતાનું કાર્ય કરી લેવામાં એ ગુણની સૌથી વધારે મદદ મળે છે. સ્વાર્થ સાધવામાં પાશ્ચાત્ય પ્રજા જેવી બીજી પ્રજા ભાગ્યે જ કુશળ જોવામાં આવે છે, તેટલું જ નહિ પણ તેઓ પરિશ્રમ પણ ખૂબ કરે છે. પોતે ઉપાડેલું કાર્ય ગમે તેટલું કઠિન કે દુ:સાધ્ય હોય, પરંતુ જ્યાં સુધી તેઓ તે પુરૂં નથી કરી લેતા ત્યાંસુધી શ્વાસ પણ લેતા નથી.- સારી તેમજ ખરાબ બધી બાબતોનું તેઓ પુરેપુરૂં જ્ઞાન મેળવે છે. બીજા દેશો પર પોતાની સત્તા જમાવીને તેઓ એશઆરામમાં ફસાઇ નથી જતા; એટલું જ નહિ પણ વિજીત દેશના નિવાસીઓના ધર્મ, વ્યવહાર, નીતિ, આચાર તેમજ સ્વભાવ આદિનું પુરેપુરૂં જ્ઞાન મેળવવા લાગે છે. અને એજ જ્ઞાન પોતાની સત્તા ચિરસ્થાયી કરવામાં સહાયક બને છે. ગ્રીક અને રોમન લોકોના પ્રાચીન ઇતિહાસ વાંચીને તેઓ એટલું જાણી લે છે કે અમુક દેશ ઉપરનો તેઓનો અધિકાર કેવી રીતે ચાલ્યો ગયો અને બને ત્યાંસુધી તેઓની ભૂલો શોધી કાઢીને તેઓ ભવિષ્યમાં તેવી ભૂલોથી બચવાનો પ્રયત્ન કરે છે. તે લોકો વિજીત દેશના લોકોનો ઇતિહાસ જાણવા માટે આટલો બધો પરિશ્રમ ઉઠાવે છે, જ્યારે આપણે તો આપણા વિજેતાઓનો પણ ઇતિહાસ જાણવાની જરૂર સમજતા નથી. જે રીતે તે લોકોએ આપણા લોકોના આચાર વિચાર વિગેરે જાણી લઇને પોતાનું કામ કર્યું છે તે રીતે જો આપણે તેઓના આચાર વિચાર તથા ઇતિહાસ વિગેરેનો પરિચય કર્યો હોત તો આપણને અનંત લાભ થાત. અન્ય દેશોમાં કોઇ સુધારો થાય છે તો તેઓ તરત પોતાના દેશમાં તેની પરીક્ષા અને પ્રચાર કરવાનો આરંભ કરી દે છે. તેઓમાં કોઇ કદિપણ કોઈનાથી પાછળ રહેવાનું પસંદ નથી કરતા. એનાથી બે લાભ થાય છે, એક તો પ્રતિસ્પર્ધીપણાને લઇને સારી વાતોનો શીઘ્ર તેમજ યથેષ્ટ પ્રચાર થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજું કોઇ કોઇને હાનિ નથી પહોંચાડી શકતું. જે દેશ ઉન્નતિના માર્ગમાં પાછળ રહી જાય છે તેનાથી તેઓ લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરે છે. જે વસ્તુ પોતાની જ હોય છે તેને સાચવી રાખવા માટે પણ શક્તિની આવશ્યકતા રહેલી છે. તેમજ આજકાલ એ શક્તિ વિના વિદ્યા અને કળા વિગેરેની પ્રાપ્તિ નથી થઇ શકતી. યુરોપમાં જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ જેટલો સુગમ છે તેટલો આપણા દેશમાં કદાચ ન હોય તો આપણે તે માટે અવિરત પ્રયત્ન કરીને સુગમ બનાવી લેવો જોઇએ.

**સંપૂર્ણ.**

## પ્રવચનરૂપ પંચસૂત્ર સંક્ષિપ્ત ભાષા-અનુવાદ.

# ધર્મમાર્ગમાં સાવધાનતા.

લેઃ—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

ધર્મ-ભાવના શૂન્ય અધર્મ મિત્રનો સંગ તજવો; તથા નવાં પ્રાપ્ત થયેલાં શ્રાવક યોગ્ય અણુવ્રતો, ગુણવ્રતો, ને શિક્ષાવ્રતોને કાળજીથી સાચવવાં અને ચાલુ અવિરતિ પરિણામથી થતા અનાદિ સંસાર સંગત દોષો, ચાલુ પાપની અનુમતિ વડે તે દોષોમાં થતો વધારો, ઉભય લોક વિરૂદ્ધતા અને ઉત્તરોત્તર પાપની પરંપરા વધારનારો અશુભ યોગના પ્રવાહને વિચારી વર્જવા સદાય લક્ષ રાખવું.

### 'લોક વિરૂદ્ધ કાર્યનો ત્યાગ'

અન્ય જનો અધર્મ ન પામે એમ એમના ઉપર અનુકંપા આણીને લોક વિરૂદ્ધ કાર્યો સાવધાનપણે તજવાં. અન્યને ધર્મ ઉપર દ્વેષ થાય, જેથી નિંદા-હેલના થાય તેમ નજ કરવું. કેમકે એવું આચરણ, અશુભ ભાવનાવડે સંકલેશરૂપ ધર્મપ્રત્યે પ્રદ્વેષ થવાથી અબોધિ બીજરૂપ અને અન્ય લોકોને તેવા અશુભ નિમિત્ત રૂપ થવાથી પોતાને અબોધિફળરૂપ થાય છે. વળી એવું વિચારવું કે અબોધિ ફળ રૂપ મિથ્યાત્વથી બીજો કોઇ ભારે અનર્થ નથી. પરંતુ હિતમાર્ગ જોઇ નહીં શકવાથી તેનું મિથ્યાત્વ-આચરણ સંસાર અટવીમાં રખડાવનાર અને નરકાદિક નીચી ગતિરૂપ અનેક અનર્થ ઉપજાવનાર, સ્વરૂપે મહાભયંકર અત્યંત અશુભ પાપ અનુબંધને પેદા કરનાર છે. તેથીજ શાસ્ત્રકારે ઠીક ફરમાવેલ છે કે ધર્મસેવા કરનારા સહુને ખરેખર લોક સમુદાય આધારરૂપ છે તેથી સાધુ જનોએ લોક વિરૂદ્ધ તેમજ ધર્મ વિરૂદ્ધ કાર્યનો બરાબર સાવધાનતાથી ત્યાગ કરવો જોઇએ.

### કલ્યાણ મિત્રની બહુ માનપૂર્વક સેવા.

અંધ જેમ પડી જવાની બીકથી માર્ગે દોરી જનારને, રોગી જેમ વૈદ્યને, નિર્ધન જેમ નિર્વાહ અર્થે શ્રીમંતને અને બીકણ જેમ સમર્થ નાયકને સેવે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ ભકિત બહુ માનપૂર્વક શાસ્ત્રોકત વિધિ સહિત ધર્મ મિત્રોનું સેવન કરવું. એથી અધિક બીજું કંઇ આત્મહિતકારી નથી એમ સમજી ધર્મમિત્રો ઉપર બહુ આદર રાખવો, આજ્ઞા અર્થી થવું. આજ્ઞા ધારક બનવું આજ્ઞાને યથાર્થ અનુસરનાર બની તેના પારગામી થવું.

## શુદ્ધ શ્રાવક કર્તવ્ય.

અંગીકાર કરેલાં ધર્મ ગુણને લાયક શ્રાવક યોગ્ય અનેક સદાચારો વિષે પરિશુદ્ધ મન વચન ને કાયાના યોગમાં સાવધાન રહી, પરિશુદ્ધ ક્રિયા–અનુષ્ઠાનવાળા થઇ રહેવું. તે એવી રીતે કે–અનેક જીવોપઘાતક, નિન્દાપાત્ર, બહુ કલેશકારી, ને પરલોક વિઘાતક બહુ પાપી ધંધો તજવો, પરને પીડા ઉપજે એવું ન ચિન્તવવું. ઇચ્છિત લાભ ન મળે તો તેને કારણ કોઇની આગળ દીનતા કરવી નહીં, તથા ઈચ્છિત લાભ મળે તો હર્ષ ઉન્માદ કરવો નહીં, તેમજ ખોટો હઠ ખેંચવો નહીં પરંતુ મનને કાબૂમાં રાખવું, અસત્ય આળાદિક તથા કઠોર વચન પણ ન બોલવું, ચાડી ચૂગલી ન કરવી ને વિકથા–કુથલી તજી હિત મિત સત્ય વચનજ વદવું. એ રીતે જીવ હિંસા તજવી, કોઈનું કંઇ અદત્ત–અણહકનું ન લેવું, પરસ્ત્રી સામી નજર ન કરવી, અને આર્ત–રૌદ્ર ધ્યાનાદિરૂપ અનર્થ દંડ વર્જવો, એ પ્રમાણે કાયાને શુભ મર્યાદામાં રાખવી.

## આવક પ્રમાણે વ્યય.

આવક અનુસારે દાન, ભોગ, પરિવારનું પોષણ અને અર્થ સંચયની વ્યવસ્થા કરી રાખવી. નિજ પરિવાર વર્ગને સંતાપ ઉપજે એમ ન કરવું પરંતુ તેને સંતોષ ઉપજે એમ યથાશકિત અનુકંપા કરતા રહી નમ્ર–નિરભિમાની ને નિસ્પૃહ થવું. એ રીતે જેમ અન્ય દુઃખી જીવોનું રક્ષણ કરવામાં ધર્મ છે તેમ સ્વપરિવારનું યથોચિત રક્ષણ કરવામાં પણ ધર્મ–કર્તવ્ય માનવું. સર્વે જીવો સ્વલક્ષણ ભેદે જૂદા જૂદા છે તેમાં મમત્ત્વ ભાવ કરવાથી કર્મ બંધનનું કારણ થાય છે.

## આત્મ નિરીક્ષણ.

તથા તે તે ગૃહસ્થોચિત સમાચારીને વિષે સાવધાનપણે વર્તી વિચારવું કે હું અમુક નામધારી, અમુક કુળમાં ઉત્પન્ન, અમુક ગુરૂનો શિષ્ય તથા અમુક ધર્મસ્થાનસ્થ–વ્રત મર્યાદા સેવું છું. તે ધર્મસ્થાનની વિરાધના કે તેવી વિરાધનાનો આરંભ ન થતાં તેની વૃદ્ધિ–પુષ્ટિજ મારાથી થયા કરે એજ મને ઈષ્ટ છે. એજ સાર ભૂત છે. વળી તે પરભવમાં પણ શુભવાસનારૂપે પોતાની સાથે આવવાથી નિજ આત્મભૂત છે, અને સુંદર ફળ–પરિણામવડે સ્વહિત રૂપ છે. બીજું બધું ધન કણ કંચનાદિક વિશેષત: અવિધિ સેવનવડે અસાર છે. કેમકે અન્યાય–અનીતિ દોષ સેવવાથી અનર્થ ઉપજે છે. એ પ્રમાણે જગદ્બંધુ, પરમ દયાળુ, સ્વયં આત્મપ્રકાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામેલા ભગવાન અરિહંતે સ્વમુખથી પ્રકાશ્યું છે એમ સમજી પ્રસ્તુત ધર્મ સ્થાનને પુષ્ટિકારક શ્રાવકોચિત સદાચારો સેવવા માટે સાવધાન રહેવું જોઇએ. આવું શાસ્ત્રોકત સદ્વર્તન પ્રસ્તુત સમાચારીનું ભાવ મંગળ છે.

## ધર્મ જાગરિકા.

તથા અજ્ઞાન રૂપ ભાવ નિદ્રા દૂર થતાં તત્ત્વાલોચનરૂપ ધર્મ જાગરિકાવડે વિવેકથી વિચારવું કે મારી કઇ કાળ અવસ્થા છે ? એને ઉચિત કયું ધર્મ–અનુષ્ઠાન કરવા યોગ્ય છે ? અંતે છેહ દઈ નિશ્ચે જનારાને માઠાં ફળ દેનારા ઈન્દ્રિય વિષયો તુચ્છ–અસાર છે, તથા સર્વને હતાં ન હતાં કરનાર, ઓચિંતો આવનાર કોઇથી વારી–અટકાવી નહિ શકાય એવો અને વારંવાર પાછળ લાગનાર કાળ મહા ભયંકર છે. આ કાળ–મૃત્યુરૂપ મહાવ્યાધિને મીટાવવા રામબાણ ઓષધ સમાન રાગદ્વેષ કષાય નિવૃત્તિરૂપ, અત્યંત વિશુદ્ધ તીર્થંકરાદિક મહાપુરૂષોએ પોતે આદરેલા મૈત્રી કરૂણા મુદિતા ભાવરૂપે સર્વ જીવને હિતકારી, સિંહની પેઠે બહાદુરીથી અતિચારાદિ દૂષણ રહિત પાળવાવડે કરી નિર્દોષ અને પરમાનંદરૂપ અક્ષય સુખ–સ્થાનને મેળવી આપનાર સાચો ઉપાય કેવળ ધર્મજ છે.

## શુદ્ધ ધર્મ પ્રત્યે બહુમાનભર્યા ઉદ્ગાર.

આવા ઉત્તમ લક્ષણવાળા ધર્મને નમસ્કાર હો ! આવા ઉત્તમ ધર્મના પ્રકાશક અરિહંતોને નમસ્કાર હો ! આવા પવિત્ર ધર્મને યથાર્થ પાળનારા નિર્ગ્રંથ સાધુજનોને નમસ્કાર હો ! તથા આવા ચારિત્ર ધર્મને યથાર્થ સમજાવનાર નિઃસ્પૃહી ભવભીરૂ ગીતાર્થ સાધુજનોને નમસ્કાર હો ! અને આ ધર્મરત્નને અંગીકાર કરનાર શ્રાવકાદિક ભવ્યજનોને નમસ્કાર હો ! હું પોતે આ પવિત્ર ધર્મને ખરા મન વચન કાયાથી અંગીકાર કરવા ઇચ્છું છું. પરમ કલ્યાણકારી જિનેશ્વરોની કૃપાથી મને પ્રસ્તુત ધર્મની પ્રાપ્તિ થાઓ ! એ રીતે વારંવાર રૂડી એકાગ્રતાથી ચિન્તવના કરવી તથા સાધુધર્મ પામેલા મુનિજનોનાં એકાન્ત હિતવચનો માન્ય કરવા તેમની પવિત્ર આજ્ઞાને યથાર્થ અનુસરવી એ મોહનો ઉચ્છેદ કરવા ઉત્તમ સાધન રૂપ છે. એ રીતે કુશળ અભ્યાસવડે આજ્ઞાનુસારી આત્મા વિશુદ્ધ થતો થતો શુદ્ધ ભાવના બળે કર્મમળને ટાળી, સાધુધર્મની યોગ્યતાને પામે છે એટલે તે સાંસારિક સુખથી વિરકત થયો સતો કેવળ મોક્ષ સુખનોજ અર્થી, મમતા રહિત, કોઇને પીડા–ઉપતાપ નહીં કરનાર, રાગદ્વેષની ગાંઠને ભેદવા વડે વિશુદ્ધ ભાવવાળો થાય છે. એ રીતે સાધુ પરિભાવના સૂત્ર વ્યાખ્યા પૂર્ણ થઇ. **ઇતિશમ્.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ત્રી વિભાગ

## આપણી સ્ત્રી કેળવણી.

( લે૦—આત્મવલ્લભ. )

સ્ત્રી શિક્ષણ—કેળવણી શું છે? તેનાથી શું લાભો છે? તે જૈન કોમ વ્યાપારમાં અગ્રપણું ભોગવતી અને મશગુલ હોવાથી તે ક્યાંથી જાણી શકે, તે શિક્ષણ વિના જૈન ગૃહસંસારમાં આજે શું નુકશાનો થાય છે અને કેવું અધઃપતન થયેલ છે તેની ખબર નથી. વળી જુના વિચારના, અને શિક્ષણની ગંધની જેને ખબર નથી તેવા ભાઈ બ્હેનો તો સ્ત્રીઓને શિક્ષણ આપવું ( ભણાવવી ) તે અકર્તવ્ય સમજે છે. અલબત અત્યારે સ્કુલમાં અપાતી કેળવણી તે સ્ત્રીને ઉપયોગી ( બંધ બેસતું ) નહિં હોવાથી કદાચ કેટલાક વિપરીત વ્યવહારિક દાખલાઓ બનતા હોય તેમાં શિક્ષણનો દોષ નથી. સ્ત્રીઓ માટે—હિંદુ ગૃહસંસાર માટે કેવું શિક્ષણ જોઇએ તેના ઉપર આધાર રાખે છે. સ્ત્રી કેળવણીનો ખરો અર્થ તો એ છે કે સ્ત્રીધર્મને ઉપયોગી; ગૃહસંસારને બંધ બેસતું જે શિક્ષણ આપવું તેનું નામ જ સ્ત્રી કેળવણી કહેવાય. સ્ત્રીને ભણાવવી તે કર્તવ્ય છે અને શાસ્ત્રો પણ તેમાં સંમત છે તેટલું જ નહિં પણ પૂર્વકાળમાં કથાનુયોગ તપાસીએ તો સ્ત્રી શિક્ષણની રીતિ યોગ્ય જ છે. સ્ત્રી ઘરનો અનુપમ શ્રૃંગાર છે, અને તેનામાં શિક્ષણરૂપી રત્ન સાંપડયું હોય તો તે ઘર સ્વર્ગ ભુવન જેવું બને છે. ગૃહસત્તાનો મુખ્ય આધાર સ્ત્રી કેળવણી ઉપર છે અને બાળકોને પ્રથમથી સદાચારનો પાયો બંધાવવાનું પ્રથમ અને અતિ અગત્યનું સ્થળ ગૃહસંસારમાં સ્ત્રીરત્ન છે, જેથી તે શિક્ષણ પામેલી હોય તો આખા ઘરનો—કુટુંબનો જન્મ સફલતા પામે છે. શિક્ષણ પામેલી ( કેળવાયેલી ) સ્ત્રી ગૃહની શોભા રૂપ બને છે અને સંતતિને પ્રથમ ગૃહ શિક્ષણ પણ શરૂઆતમાંથી તેનાથી મળતું હોવાથી અન્ય રીતે તે બનતું નથી.

સ્ત્રીઓને કેળવણી આપવાનું મુખ્ય કારણ એ છે કે જે ઘરની તે ગૃહિણી હોય તે ઘરના તમામ મનુષ્યોને રાત્રિ દિવસ સ્ત્રીની છાંયાતળે રહેવાનો પ્રસંગ હોવાથી, આખી ઉમર લક્ષણોનો સંસ્કાર જામે છે અને સંસ્કારોનો જન્મ જે ઘરમાં મનુષ્ય ઉછરે તેમાં જ થાય છે. અને છેવટ સુધી તેજ રહે છે. એક સામાન્ય કહેવત છે કે **“ ઘર નરને બનાવે છે ”** એટલે પ્રથમ ગૃહ શિક્ષણ જેવું પ્રાપ્ત થાય તેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પ્રકૃતિનું બંધારણ ઘડાય છે, તેથી બચપણમાં જ્યારે મનુષ્ય હોય છે તે વખતે ગૃહસંસારમાં તેના મન ઉપર જે જે શુભ વા અશુભ વિચારોના સૂક્ષ્મ અંકુરો જન્મ્યા હોય તે પછી ભવિષ્યમાં તેવા તેવા દેખાવો આપે છે. જેથી ભવિષ્યમાં માતા થનારી બ્હેનોને લઘુવયમાં ઉપરોકત બતાવેલ સ્ત્રી શિક્ષણ આપવાના કેવા મિષ્ટ ફળો છે અને મનુષ્યો ( જન સમાજ ) ની રહેણી કરણી ઉપર તેનો કેટલો આધાર છે, અને મજબુત છાપ પાડી શકે છે, આટલું સમજનાર મનુષ્યે સ્ત્રી કેળવણીની કેટલી આવશ્યકતા તે સહજ જાણી શકે, જેથી દરેક મનુષ્યે સ્ત્રી કેળવણીની જરૂરીઆત સ્વીકારી સ્ત્રી કેળવણીને પુષ્ટિ આપવી અને પોતાના ગૃહ કે કોમની કોઇપણ સ્ત્રીને કેળવણી આપવી જ જોઇએ.

લઘુવયમાંથી જ બાળક બાળકીઓને વિદ્વાન અને દેશ, કોમ, ધર્મ કે સમાજના શ્રૃંગારરૂપ જો બનાવવા હોય તો પ્રથમ તેઓની માતાને સંગીન કેળવણી આપવાની જરૂર છે. જ્યારે કોમ કે દેશમાં આવી સંખ્યાબંધ કે ઘરે ઘરે કેળવણી પામેલી માતાઓ થશે ત્યારે તે દેશ કોમ ધર્મ કે સમાજનો ઉદય સ્વાભાવિક અને સરલ–સહજ રીતે થશે તેમ શાસ્ત્રો અનુભવ કરાવે છે, વિદ્વાનો કહે છે અને બુદ્ધિશાળી મનુષ્યો માને છે.

શિક્ષણ પામવા–કેળવણી મેળવવાનો હક્ક પુરૂષ જેટલો જ સ્ત્રીઓનો છે, કારણ કે સ્વભાવ, લાગણી, અને સમાજમાં બંને સરખા છે. કર્મજન્ય સુખ દુઃખ ભોગવવામાં બંનેની એક જ રીત છે, મોક્ષના અધિકારમાં પણ બંને સમાન છે, માટે શિક્ષણ પ્રાપ્ત કરી ગૃહસંસાર શોભાવી આત્મકલ્યાણ કરવાનો દરેક મનુષ્ય પ્રમાણે તેમનો હક્ક છે. ગૃહસ્થધર્મ સ્ત્રી પુરૂષ બંને સુશિક્ષિત હોય તો ઉત્તમ રીતે ચાલે છે, સિવાય બંને શિક્ષણ વગરના હોય તો ઇચ્છિત ફળ ગૃહસ્થધર્મમાં મેળવી શકાતું નથી એટલે પૂર્વકાળમાં જેમ દરેક પુરૂષોને બહોંતેર કળાનું જ્ઞાન આપવામાં આવતું હતું તેમ સ્ત્રીઓને પણ ચોસઠ કળાનું શિક્ષણ ( ગૃહ સંસાર ઉત્તમ નિવડવા માટે ) આપવામાં આવતું હતું.

"**શ્રાદ્ધગુણવિવરણ**" "**આચારદિનકર** વગેરે" શ્રાવક શ્રાવિકાના ઉત્તમ આચાર, ગુણ અને વ્યવહારનું નિરૂપણ કરનારા ગ્રંથોમાં પણ વિવાહ વગેરે પ્રકરણોમાં બાળક, બાળકીઓનો કુળ, આચાર, શીલ, રૂપ, વય, વિદ્યા, વેષ, ભાષા, સંપત્તિ અને પ્રતિષ્ઠા વગેરેમાં સમાન હોય તેનો વિવાહ જોડવો તેમ કહે છે. વિદ્યા–શિક્ષણ વિના આચાર શીલ વગેરે ઉત્તમ હોતા નથી માટે સ્ત્રી કેળવણી અવશ્ય જરૂરની છે અને અત્યારના કાળમાં તેનો અભાવ કે જોઇએ તેવી ન અપાતી હોવાથીજ કુટુંબ કલેશો અનેક સ્થળે જોવાય છે અને ઉત્તમ ગૃહસંસારની ખામી જોવાય છે. જૈન કોમ જેમ બીજા ધાર્મિક કાર્યોમાં પૈસા ખરચે છે તેમ આ સ્ત્રી કેળવણીનો સ્વાલ હાથમાં લઇ તેને ફરજીઆત સ્વીકારી તેના સાધનો, સ્થાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુષ્ઠાનો જલદી તૈયાર કરી દરેકે દરેક બાળકીઓ–કન્યાઓ ઉપરોક્ત બતાવેલ શિક્ષણ પામે તેની અત્યારે પ્રથમ જરૂર છે.

સ્ત્રીઓને પ્રથમ લઘુ વયમાં નીચેની બાબતો માટે શિક્ષણ આપવું, વાંચતાં લખતાં પ્રથમ શિખવવું, બાળકો ઉછેરવાં, વડિલોનું ઘર કાર્ય ઉપાડવું, નોકરો વગેરે ઉપર સત્તા રાખવી, ઘરધંધામાં પ્રવીણ રહેવું, ઘરના સરસામાન, અનાજ કપડાં વગેરેની સંભાળ રાખવી, ઘેર આવતા પરોણાઓનો ઉચિત સત્કાર કરવો, પતિ વડિલ પ્રમુખ પૂજય જનોનું દીલ પ્રસન્ન રાખવું, લોકોના અથવા ઘરના મનુષ્યોના બોલો સહન કરવા કદાચ અપમાન કે જુલ્મ થાય તો ગમ ખાઇ કલેશ ન કરતાં, દુ:ખ ન ગણુતાં ધૈર્યતા રાખવી, મર્યાદા સાચવવી, ધર્મ ગુરૂ કે સાધર્મી બંધુઓની યોગ્ય ભકિત કરવી, ઘર કામની આવડત રસોઇ કરવાની, ભરત, શિવણ, ગુંથણ વગેરે ખર્ચ ખુટણ કરકસરથી ચલાવવો, કુશળતા, નમ્રતા, સભ્યતા, વિનય, દેવ–દર્શન, ક્રિયાકાંડ. વગેરે કરવું, જાણવું, અદબથી બેસવું, થોડું ઉચિત બોલવું, મંદહાસ્ય કરવું વગેરે સ્ત્રીઓને શિક્ષણ આપવાની આવશ્યકતા બતાવી હવે કેવું શિક્ષણ આપવું તે મુદ્દાનો સ્વાલ છે. સ્ત્રીઓને વાંચન લેખન ગૃહ ઉપયોગી ( રાંધણ કળા ભરવા ગુંથવા અને વગેરે વ્યવહારોપયોગી શિક્ષણ આપવું તે સાથે નીતિના તત્ત્વો શિખવવા ઉપર ખાસ ધ્યાન આપવું અને ધર્મ શિક્ષણ પણ બહુજ સંગીન ( શ્રાવિકા રત્ન થઇ શકે તેવું ) આપવું, સ્કુલમાં અપાતા શિક્ષણો સ્ત્રીઓ માટે ઉપયોગી નથી, તેમની શિક્ષણ પદ્ધતિ જુદીજ હોવી જોઈએ. પરંતુ દેશકાળ ભાવને ઉચિત ઉપરોક્ત શિક્ષણ આપવું અને તેને માટે ખાસ બુકો તૈયાર કરાવવી અને આવી રીતે શિક્ષણ આપવાથી સ્ત્રી પોતાનો ગૃહસંસાર સુખે ચલાવે, પતિ, સાસુ સસરા વગેરે વડિલ જનોનો વિનય સાચવે, ભકિત કરે અને ઉત્તમ રહેણી કરણી સાથે ધર્મ સાધન કરી આત્મકલ્યાણ કરી પ્રાંતે મોક્ષ મેળવી શકે.

સર્વપર દયાભાવ રાખવો અને બાળકોનું આરોગ્ય સાચવવા વગેરે પ્રકારનું શિક્ષણ પ્રથમ અવસ્થામાં કન્યાઓને આપવું. આવી રીતે શિક્ષણ લેતા ઘર કામમાં માતાને મદદ કરવાથી કેટલુંક શિક્ષણ પાકું થાય છે, ગૃહધર્મનો અનુભવ મેળવાતો જાય છે, પછી બીજી અવસ્થાએ લગ્ન થતા સાસરે જાય છે ત્યાં જઇ શું કરવાનું હોય છે, દીકરી અને વહુમાં શું ફરક છે, પત્ની તરીકેના શા ધર્મો છે, પતિ શ્વસુર પક્ષના વડિલ જનો પ્રત્યે પોતાનો શું ધર્મ છે તે સર્વ બજાવવાનું ત્યાં હોવાથી શિક્ષણ પામેલ સ્ત્રીજ તે સર્વ કાંઇ બજાવી શકે છે. મોટી ઉમરની ( લગ્ન થયા પછીની ) સ્ત્રીની કેળવણી કેવી હોવી જોઇએ તે પણ જાણવાની જરૂર છે. તે અને વાંચન કેવું હોવું જોઈએ તે હવે બતાવીશું. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શિખર પરથી દૃષ્ટિપાત:

**આપણી સંસ્થાઓ—**

આજે આપણામાં અનેક સંસ્થાઓ વિદ્યમાન છે પણ એવી સંસ્થા તો વિરલજ હશે કે જેને દાન માટે હાથ લાંબો ન કરવો પડે જેને અર્ધો સૈકો વીતી ગયો હોય તે વિશે સંસ્થાઓને જ્યારે મદદ માટે યાચના કરવી પડે ત્યારે નવી સંસ્થાઓની તો વાત જ શું કરવી. આપણે પ્રથમ બોર્ડિંગો ગુરુકુલો કે છાત્રાલયો તરફ દૃષ્ટિપાત કરીએ. આપણામાં હજી જ્ઞાનનું મહાત્મ્ય સમજાયું નથી આપણા જ બાળકો અભ્યાસ કરે ધાર્મિક સંસ્કારોથી સુવાસિત બને તેમની સગવડ માટે ભિક્ષા માગવી પડે અને એ બિચારો ગરીબ જૈન શ્રાવક નો છોકરો છે એમધારી દયાથી દાતા દાન આપે એમ દાનનું મહાત્મ્ય નથી એમાં જ્ઞાન-ની સાચી પીછાણ નથી એમાં ખરી ધર્મભાવના નથી. આજે આર્ય સમાજ સેંકડો ગુરુ-કુલો વિદ્યાલયો ધરાવે છે તેને ઘરની કૉલેજો છે આજે હિંદુસ્તાનનાં મુખ્ય મુખ્ય સ્થલોમાં એવું ભાગ્યે જ કોઇક સ્થાન કહેશે કે જેમાં આર્ય સમાજની એકાદ સંસ્થા ન હોય. એ સંસ્થાઓ શું ભીખથી પોષાય છે? ના ના એમાં તો સમાજ પ્રેમી લક્ષ્મી પુત્રો લક્ષ્મીનો વારિવાહ વર્ષાવે છે અને વિદ્વાનો ઘરબાર છોડી વિદ્યા પાછળ ભેખ લેછે અને આ જી-વન વિદ્યાદેવીના ખોળામાં ગાળવા દેહને સંસ્થાએ પાછળ અર્પણ કરે છે તેમનો આત્મા સંસ્થામાં રેડે છે અને ત્યારે જ ત્યાં બાળક મટી યુવાન થઇ બહાર આવે છે ત્યારે અપૂર્વ તેજ ઉદાર ભાવનાઓ અને ધર્મ પાછળ આત્મ બલિદાનનો પાઠ શીખીને જ બહાર પડે છે તેનું પરિણામ હજારોની સંખ્યામાં પોતાની સમાજનો વધારો કરે છે આ-પણી સંસ્થાઓમાંથી એવા કેટલા નીકળ્યા છે? આમાં મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે ઉદાર દાતાઓનો અને ઉદાર વિદ્વાન આત્મભોગી અધ્યાપકોનો અભાવ એ મુખ્ય કારણ છે આ સિવાય આપણે વ્યાપાર પ્રધાન છીએ એ પણ એક સબળ કારણ છે.

દાતાઓએ આ મારો ભાઇ છે તેને ઉચ્ચ કક્ષાએ પહોંચાડવો એ મારી ફરજ છે એમ વિચારી દાન આપવું જોઇએ આતો કોઇ મરી ગયું છે તેના પાછળ ધર્માદામાં કાઢ્યું છે તે માંથી પોતાના જ સાધર્મી ભાઇઓને ખવરાવવું. ધર્માદાનું ખવરાવવું. એમાં કેટલું ફળે છે? એમાં તમને સુપાત્રદાનનું કે સ્વામિભકિતનું ફળ નથી. ઉલટું તેને બોજા નીચે દબાવો છો. આવી જ રીતે વિદ્વાન્ અધ્યાપકોનો પણ એવોજ અભાવ છે. જે સંસ્થાઓ પાછળ પહેલાં સમાજે લાખ્ખો રુપિયા ખર્ચ્યા છે અને પંડિતો થઇ બહાર પડયાનો તે સંસ્થા ફાંકો રાખે છે તેમાંથી કેટલા આત્મભોગી વિદ્વાનો પાકયા છે? શું સમાજના ખર્ચે તૈયાર થયેલાઓની ફરજ નથી કે તેમણે આત્મભોગના અપૂર્વ પાઠોના દાખલા બેસારી જૈન સંઘને તેના પાઠો શીખવવા. અત્યારની આપણી આ સંસ્થાઓમાં એવી વિરલ વ્યકિતઓ જ હશે કે પોતે વિદ્વાન હોઇ ઉદાર ચરિત્ અને પરમ આત્મભોગી હોય. યદિ આર્ય સમાજ-નાં ગુરૂકુલો, છત્રાલયો, વિદ્યાલયો કે કોલેજો શોભતી હોય તો તેના વિદ્વાન આત્મભોગી ધર્મપ્રેમી વિદ્વાન અધ્યાપકોનો હિસ્સો મુખ્ય છે.

* * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્ચર્ય તો એ છે કે આપણી સંસ્થાઓમાંથી જેઓ એકલું ધાર્મિક જ્ઞાન સંપાદન કરી તૈયાર થયેલા હોય છે તે તો હજી સમાજમાં જ રહી કાર્ય કરે છે પણ તેની સાથે બીજી શકિત પ્રાપ્ત થતાં તે વ્યવહારની આળપંપાળમાં પડી જઇ લક્ષનો ઉપાસક બને છે અને મૂળ મુદ્દો વિસારે પડે છે અરે એ થયેલ પંડિત જ્યારે સટ્ટામાં અને વેપારમાં પડે ભણેલું બધું પુસ્તકોમાં રાખવા તૈયાર થાય છે ત્યારે તો પારાવાર ખેદ થાય તો છે. આવી જ સ્થિતિ સુધારકોની પણ છે ઇંગ્લીશ કેળવણી પ્રાપ્ત કર્યા પછી જલ્દી નોકરીએ લાગી જઇ પૂર્વના સંસ્કારોને ભૂલી જાય છે આત્મભોગ જેવી વસ્તુને તે સંતાડી દે છે અને પૂર્વની ભાવનાઓને પણ સુવાડી દે છે. આમાં કોનો દોષ કાઢવો ? હા, જેઓ સાધુ થયા તેમણે સમાજને ફળ આપવા બનતું કર્યું છે બાકી તો કોઇ એવી વિરલ વ્યકિત જ હશે કે જેમણે સંસ્થાઓનો અભ્યાસ કરી નિઃસ્વાર્થ ભાવે સંસ્થામાં જ જીવન વિતાવ્યું હોય—આત્મભોગ આપ્યો હોય આ પાઠ શીખવવાની ઘણી જરુર છે. ઘણા દાતાઓ આ સંબંધી ટીકા કરે છે કે અમારા ધનથી તૈયાર થયેલ આત્મભોગી તેને કાં નથી નીકળતા ?

તુલનાત્મક દૃષ્ટિ.

# વર્તમાન સમાચાર.

## શહેર અમદાવાદમાં શ્રી નવપદજી મહારાજની અપૂર્વ આરાધના અને મહોત્સવ.

જૈનપુરી અમદાવાદમાં શેઠ શ્રીયુત માણેકલાલભાઇ મનસુખભાઇએ શ્રીસિદ્ધચક્રજી મહારાજની અપૂર્વ આરાધના કરી કરાવી મનુષ્ય જીંદગીનું સાર્થક કર્યું છે. શેઠ શ્રી માણેકલાલ ભાઇ શ્રીમંત છતાં દેવ ગુરૂ ધર્મ ઉપર અપૂર્વ શ્રદ્ધાવાળા હોઇ શ્રીસિદ્ધચક્રજી મહારાજ ઉપર પરમ ભક્તિ હોઇ કેટલાક વખતથી દરેક ચૈત્ર આસો માસમાં એકધાન્યની ઓળી કરી શ્રી નવપદજી મહારાજનું આરાધન શરૂ કરેલું છે, એક સાથે લક્ષ્મી અને ધર્મ શ્રદ્ધાનો સંયોગ પ્રાપ્ત થવો તે પૂર્વ પુણ્યની નિશાની છે. ઉપરોક્ત શ્રદ્ધાને લઇને ચાલતા આસો માસની ઓળી પહેલાં બહારગામ આમંત્રણ પત્રિકા મોકલી શુમારે એકહજાર અને સ્થાનિક શુમારે છસેંહ બંધુઓ સાથે શેઠ હઠીભાઇની વાડીએ તમામ પ્રકારની સગવડ શેઠ સાહેબે પોતાના તરફથી કરી શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન સર્વે બંધુઓ સાથે ઉંચા પ્રકારની ભક્તિ ભાવથી ઉદારતાથી શ્રદ્ધા પૂર્વક કર્યું હતું. આરાધન કરનારા બંધુઓની ભક્તિ તમામ પ્રકારની સગવડ સાચવી ઉત્તમ રીતે કરવામાં આવી હતી. સવારના શ્રીસાગરાનંદ સૂરિજી મહારાજનું વ્યાખ્યાન વંચાતું હતું, રાત્રિના શ્રીપાળમહારાજનો રાસ વંચાતો હતો. નવે દિવસ પૂજા પણ ઉત્સાહ પૂર્વક ઠાઠમાઠથી ભણાવવામાં આવતી હતી જેમાં અપૂર્વ આલ્હાદ થતો હતો ત્રણવાગે આયંબીલ કરવામાં આવતા હતાં શ્રીપાળ મહારાજના જુદા જુદા પ્રસંગના દેખાવોનું ચિત્રકામ પણ સુંદર રીતે કરવામાં આવ્યું હતું, રાત્રિના આંગી, રોશની ભાવના પણ ઉલ્લાસ પૂર્વક થતી હતી. છેલ્લે દિવસે શ્રી નવપદજી મહારાજનું મંડળ ઝવેરાતથી પુરવામાં આવ્યું હતું. વદી ૧ ના રોજ સર્વ બંધુઓને પારણા કરાવ્યા હતાં. સ્વામીવચ્છલ પણ થયું હતું રાંધનપુર નિવાસી કમળશીભાઇનો સર્વ પ્રકારની વ્યવસ્થા માટેનો પ્રયાસ હતો. અમદાવાદ શહેરમાં આ પ્રસંગ પ્રથમ અને અપૂર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થા. સં. ૧૯૭૯



એક એક પાનું બરાબર વાંચશો.

ગમે તે વખતે કોઈપણ જાતનાં પુસ્તકો મંગાવવા અમારૂં નામ લખી રાખશો જ્યાં ઠગાવાની ધાસ્તી નથી. ઓરડરો ઉપર પુરતું ધ્યાન અપાય છે. ભુલચુક ગમે ત્યારે મજરે અપાય છે.

## જૈન સસ્તી વાંચનમાળાનાં પુસ્તકોનું લીષ્ટ.

સં. ૧૯૮૫

## જૈનોના અપૂર્વ ઇતિહાસ જાણવા આ સૂચીપત્ર બરાબર વાંચશો.

પૂર્વના જૈનો તણા ઇતિહાસ અતિ ઉજ્જવળ હતા,
દાન, તપ ને શૌર્યના જીવન મહીં વ્હેતા ઝરા;
નીજ ધર્મ ખાતર પ્રાણ દેવાની પુરી શકિત હતી,
કીર્તિ–કથા એ વીર–નરોની આજ પણ ઝળકી રહી.

### અમારો ઉદ્દેશ :—

નવીન ઢબમાં સારા વિદ્વાનોના હાથે રસીક સરલ ભાષામાં પૂર્વે થએલાં મહાપુરૂષોના ચરિત્રો કે જે જૈન સાહિત્યના શણુગાર રૂપ ગણાય તેવાં પુસ્તકો પ્રગટ કરવાં કે જેથી જે તે નોવેલો વાંચી જીવનને ખોટા વાતાવરણથી પોષતાં અટકી, ધાર્મિક ઉચ્ચ સંસ્કાર આપણામાં રેડાય અને ઉચ્ચ આદર્શ જીવન બનાવી શકાય.

બાળકથી વૃદ્ધ પર્યંત સાધારણ કે શ્રીમંત દરેક તેનો લાભ લઇ શકે તે માટે સમાજમાં તેનો બહોળો ફેલાવો થાય અને ઉત્તરોત્તર ઘરમાં દરેક વાંચી શકે તે માટે **માસિકના રૂપમાં નહિ** પરંતુ પુસ્તકના રૂપમાં દરેક પુસ્તકો પ્રગટ થાય છે. દરેક જૈન કુટુંબમાં આ વાંચન હોંશથી વંચાય, દરેક તેનો છૂટથી લાભ લઇ શકે તે માટે વાર્ષિક રૂ. ૩) ના લવાજમમાં ૧૦૦૦ પાનાનાં પાકા બાઇંડીંગનાં ત્રણ–ચાર પુસ્તકો નિયમિત એકી સાથે વી. પી થી માગશર કે પોશમાસમાં મોકલાય છે પોસ્ટ ખર્ચ ૦–૧૦–૦ વધુ.

સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૪ સુધીમાં અપાયેલા પુસ્તકો માટે વાંચો–અને ચાલુ સાલથી ગ્રાહક થવા તુરત લખો :—

**જૈન સસ્તી વાંચનમાળા,** રાધનપુરી બજાર—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર વરસે રૂ. ૩) માં એક હજાર પાનાનાં ઈતિહાસિક પુસ્તકો નિયમીત અપાય છે
જે જીવનને નૈતિક, ધાર્મિક અને ઉચ્ચ સંસ્કારી બનાવે છે.

**દરેક જૈન બંધુને જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહક થવાની જરૂર છે.**

## સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૪ સુધીમાં અપાયેલાં પુસ્તકો.

| | | | |
|---|---|---|---|
| **સં. ૧૯૮૦ નાં** | × ૩ શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકોસચિત્ર ... | ... | ૧-૦-૦ |
| | × ૪ શ્રી આદીનાથ ચરિત્ર ભાષાંતર ... ... | ... | ૧-૮-૦ |
| **સં. ૧૯૮૧ નાં** | × ૫ સિદ્ધસેન દિવાકર યાને વિક્રમના સમયનું હિંદ | .... | ૧-૮-૦ |
| | × ૬ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચરિત્ર ... ... | ... | ૧-૮-૦ |
| **સં. ૧૯૮૨ નાં** | × ૯ જૈનોના મહાન રત્નો ... ... ... | ... | ૧-૦-૦ |
| | × ૧૦ મહાન્ સંપ્રતિ અને જૈન ધર્મનો દિગ્વિજય | ... | ૧-૮-૦ |
| | × ૧૧ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમ રાજા ભાગ ૧ | ... | ૧-૮-૦ |
| **સં. ૧૯૮૩ નાં** | × ૧૨ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમ રાજા ભાગ ૨ | પૃષ્ટ ૨૦૦ | ૧-૦-૦ |
| | × ૧૩ જગડુશાહ કે જગતનો પાલનહાર ... | ,, ૩૨૫ | ૧-૮-૦ |
| | × ૧૪ શ્રી અંબડ ચરિત્ર ... ... | ,, ૧૫૦ | ૦-૧૦-૦ |
| | × ૧૫ સદ્ગુણી સુશીલા ... ... ... | ,, ૨૪૦ | ૧-૨-૦ |
| **સં. ૧૯૮૪ નાં** | * ૧૬ મગધરાજ શ્રેણીક ચરિત્ર ... ... | પૃષ્ટ ૩૫૦ | ૧-૮-૦ |
| | * ૧૭ શ્રી સ્થંભન પાર્શ્વનાથ ચરિત્ર ... ... | ,, ૩૫૦ | ૧-૮-૦ |
| | × ૧૮ પૃથ્વીકુમાર યાને મહામંત્રી પેથડ ... | ,, ૨૫૦ | ૧-૪-૦ |
| | × ૧૯ માનતુંગ માનવતી યાને બુદ્ધિમતી પ્રમદા | ,, ૧૦૦ | ૦-૬-૦ |

## સં. ૧૯૮૫ માં ગ્રાહકોને મળવાનાં પુસ્તકો છપાય છે.

૧ ચંપકશ્રેષ્ઠી કથા
૨ ચિત્રસેન પદ્માવતી
૩ સ્થુલીભદ્રની નૌકા
૪ શ્રી અંજારા પાર્શ્વનાથ ચરિત્ર

} ચારે પુસ્તકો લગભગ ૧૦૦૦ પાનાનાં થશે

આઠ આના ડીપોઝીટ
મોકલી
ગ્રાહક થાઓ.

} લખો :-**જૈન સસ્તી વાંચનમાળા**
રાધનપુરી બજાર—**ભાવનગર.**

* નિશાનીવાળાં પુસ્તકો શીલીકમાં નથી.
× ,, ,, શીલીકમાં જુજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અમારાં પ્રગટ કરેલાં બીજા પુસ્તકો.

૧ **વિધિયુક્ત પંચ પ્રતિક્રમણ**—વાંચી જવાથી દરેક પ્રતિક્રમણ થઇ શકે છે. કિં. ૧-૦-૦

૨ **વિધિયુક્ત દેવસીરાઈ**—( ઉપર પ્રમાણે ) ... ... ... કિં. ૦-૮-૦

૩ **જૈન નિત્ય પાઠ સંગ્રહ**—જેમાં એવો ઉપયોગી સંગ્રહ કરવામાં આવ્યો છે કે આ પુસ્તક રોજ પાસેજ રાખવું જોઇએ ... કિં. ૦-૮-૦ સો નકલવા રૂા. ૩૫-૦-૦

૪ **દેવસીરાઇ પ્રતિક્રમણ મોટી સાઈઝ**—સંક્ષિપ્ત ભાવાર્થ સાથે મોટા ટાઇપ શુદ્ધ છપાઈ ખાસ બાળકોને ભણવા માટે કિં. ૦-૩-૦ સો નકલના રૂા. ૧૫-૦-૦

૫ **પંચપ્રતિક્રમણ**—મોટી સાઇઝમાં મોટા ટાઇપ શુદ્ધ છપાઈ સારા કાગળ પાકું પુઠું ચૈત્વવંદનો સ્તવનો અને બીજા ઘણા ઉપયોગી વિષયોથી ભરપુર સંક્ષિપ્ત ભાવાર્થ સાથે છતાં કિં. ૦-૮-૦ સો નકલના રૂા. ૪૫-૦-૦

૬ **પ્રતિભાસુંદરી યાને પૂર્વકર્મનું પ્રાબલ્ય**—આ પુસ્તક દરેક સ્ત્રીઓએ ખાસ વાંચવા જેવું છે. જેનાથી ધૈર્યતા, શાંતિ અને સહનશીલતાના ગુણો આવે છે. કિં. ૧-૮-૦

૭ **પૂર્વાચાર્ય કૃત પ્રાચિન જૈન સ્તવન સંગ્રહ અને નિત્ય સ્મરણમાલા**—ચૈત્વવંદનો, સ્તવનો સ્તુતિઓ, થોયો, સ્મરણો, છંદો, રાસ, વૈરાગ્યનાં પદો વિગેરે નિત્યની ઉપયોગી બાબતનો એવો સુંદર સંગ્રહ કરવામાં આવ્યો છે કે—આ એકજ પુસ્તક અનેક સ્તવનાવળીની બુકોની ગરજ સારે છે. પાકું સુંદર રેશમી પુંઠું સાઈઝ પોકેટ, ગણીજ ગમી જાય તેવી પૃષ્ઠ ૨૫૦ છતાં કિં. ૦-૮-૦ સો નકલના રૂા. ૪૫-૦-૦

૮ **વિમલ મંત્રીનો વિજય યાને ગુજરાતનું ગૌરવ** ... રૂા. ૧-૮-૦

## શ્રી કચ્છ—ગિરનારની—મહાયાત્રા.

એટલે

### શેઠ શ્રી નગીનદાસ કરમચંદે પાટણથી કાઢેલ મહાસંઘનો સંપૂર્ણ અને સચિત્ર ઇતિહાસ.

જે ભવિષ્યની જૈન પ્રજાને અમ્મર ઇતિહાસ રૂપ છે.

સંઘની યાત્રા કરનારને જીંદગીની યાદગાર સમુ છે.

સંઘની યાત્રાનો લાભ લઇ ન શકનારા ભાઇઓને ઘેર બેઠાં યાત્રાનો લાભ આપનારૂં છે અને પૂજ્ય મુનિવર્ગને વિહાર માટે પથ-દર્શન ભોમિયા રૂપ છે.

**આ પુસ્તકમાં :—**

સંઘની ભવ્યતાના વર્ણનો, સંઘની સામગ્રીની નોંધો, માર્ગમાંના દરેક ગામો—શહેરો અને **તિર્થોનો પરિચય મોટા મોટા રાજ—સન્માનોના દ્રશ્યો**, સંઘવીજીનું જીવનચરિત્ર, કચ્છદેશનો પરિચય, ઈત્યાદિ અનેક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વળી **ભાતભાતના ૩૦ ચિત્રોથી ગ્રંથ સુશોભિત થયો** છે. પ્રત્યેક જૈન ભાઇઓને ઘેર આ અમુલ્ય પુસ્તક હોવુંજ જોઇએ. લગભગ ૩૫૦ પાનાના પાકા રેશમી બાઇંડીંગવાળા આ ગ્રંથની કિંમત માત્ર રૂા. ૨-૦-૦

**લખો :—જૈન સસ્તી વાંચનમાળા. રાધનપુરી બજાર—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રભાવના કરવા લાયક અમારા પ્રગટ થયેલા પુસ્તકો!

જે બાળકોને ધાર્મીક અને નૈતિક જ્ઞાન આપનારાં છે. જેની લગભગ પચાસ હજાર નકલો પાંચ વર્ષમાં વહેચાણી છે કિંમતમાં સસ્તાં છે. દરેક માંગલીક પ્રસંગોમાં આ પુસ્તકો ખાસ વહેંચવા જેવાં છે.

| | કિંમત | સો નકલના |
|---|---|---|
| ૧ નવસ્મરણ–સ્તોત્રો છંદો સાથે ... ... ... | ૦-૩-૦ | ૧૫-૦-૦ |
| ૨ મહાસતી ચંદનબાલા ... ... ... ... | ૦-૨-૦ | ૭-૦-૦ |
| ૩ પ્રસચંદ્ર રાજર્ષી ... ... ... ... | ૦-૨-૦ | ૬-૦-૦ |
| ૪ ગજસુકુમાર ચરીત્ર ... ... ... ... | ૦-૨-૦ | ૬-૦-૦ |
| ૫ ક્યવન્ના શેઠનું ચરીત્ર ... ... ... ... | ૦-૨-૦ | ૬-૦-૦ |
| ૬ સ્નાત્ર પૂજા તથા અષ્ટ પ્રકારી પૂજાના દોહા .. ... | ૦-૧-૦ | ૫-૦-૦ |
| ૭ શ્રાવકનાં બાર વ્રતની ટીપ ... ... ... | ૦-૧-૦ | ૫-૦-૦ |
| ૮ સમાધી વિચાર ... ... ... ... | ૦-૨-૦ | ૬-૦-૦ |
| ૯ શ્રી અક્ષયનિધી તપની વિધિ. ... ... ... | ૦-૧-૦ | ૫-૦-૦ |
| ૧૦ પાંચ પદની અનુપૂર્વી ... ... ... ... | ૦-૧-૦ | ૫-૦-૦ |
| ૧૧ પુણ્ય પ્રકાશનું સ્તવન ... ... ... ... | ૦-૦-૯ | ૩-૦-૦ |
| ૧૨ રત્નાકર પચ્ચીશી તથા શ્રી નેમનાથનો સલોકો ... ... | ૦-૦-૬ | ૩-૦-૦ |
| ૧૩ શ્રી ગૌતમ સ્વમીનો રાસ તથા શ્રી ભક્તામર, કલ્યાણમંદિર સ્તોત્ર, | ૦-૧-૦ | ૫-૦-૦ |
| ૧૪ શ્રી આત્મવીરની કથાઓ (બીજી આવૃતિ) સચિત્ર ... | ૦-૪-૦ | ૨૦-૦-૦ |
| ૧૫ શ્રી કચ્છ ગિરનારની મહાયાત્રાનો રાસ ... ... | ૦-૧-૦ | ૫-૦-૦ |

## સ્નેહી- સબંધીમાં આપવા લાયક અને શાળાઓમા વહેચવા લાયક નિત્યનાં ઉપયોગી પુસ્તકો.

| | કીંમત | સો નકલના |
|---|---|---|
| ૧ પંચપ્રતીક્રમણ પોકેટ સાઇઝ પાકું રેશમી પુંઠું શ્રી ગૌતમ સ્વામીના ફોટા સાથે આવૃત્તિ ચોથી ... | ૦-૮-૦ | ૪૦-૦-૦ |
| ૨ જૈન નિત્ય પાઠ સંગ્રહ–પાકું રેશમી પુઠું શ્રી મહાવીર સ્વામીના સુંદર ફોટા સાથે ... | ૦-૮-૦ | ૩૫-૦-૦ |
| ૩ પ્રાચીન અર્વાચીત સ્તવન સંગ્રહ અને નિત્યસ્મરણમાલા ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિ, થોયો, સ્મરણો, છંદો, રાસ અને વૈરાગ્યનાં પદો વીગેરેનો ઘણો ઉપયોગી સંગ્રહ. પાકું રેશમી પુઠું ... | ૦-૮-૦ | ૪૫-૦-૦ |
| ૪ શ્રી શત્રુંજ્ય તિર્થયાત્રા વિચાર–યાત્રાએ આવનાર દરેક ભાઈબહેનોને એકસરખું ઉપયોગી અને ખાસ વાંચવા અને આદરવા લાયક ઘણાજ ઉપયોગી વિષયોથી ભરપુર **સદ્દગુણાનુરાગી શાંતમૂર્તિ શ્રીમાન્ કપુરવિજયજી મહારાજશ્રીની કૃતીનું.** આ પુસ્તક દરેકને લેવા જેવું તો છે પરંતુ સામટી નકલો લઇને ખાસ વહેંચવાની ભલામણ છે. પાકું રેશમી પુઠું | ૦-૮-૦ | ૪૫-૦-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## નીચેનાં બીજાનાં છપાવેલાં પુસ્તકો ઘટાડેલી કિંમતે અમારી પાસેથી મળી શકશે.

| પુસ્તકોનું નામ. | મૂળ કિં. | ઘટાડેલી કિં. |
|---|---|---|
| ૧ શ્રીપાળ મહારાજનો રાસ. પૃષ્ઠ ૪૬૦ અને ૧૫ ચિત્રો. | | ૨-૪-૦પાકું સાદું |
| પાકું રેશમી પુંઠું .... .... .... | ૩-૦-૦ | ૧-૧૨-૦ પુઠું |
| ૨ સુખી જીવન માનવ જીવન આદર્શ કરવા ઇચ્છનારને આ પુસ્તક ખાસ વાંચવા જેવું છે .... | ૧-૦-૦ | ૦-૧૦-૦ |
| ૩ જૈન મહાભારત સચિત્ર .... .... | ૬-૦-૦ | ૩-૦-૦ |
| ૪ સમરાદિત્ય ચરિત્ર સચિત્ર .... .... | ૫-૦-૦ | ૩-૦-૦ |
| ૫ રાજકુમારી સુદર્શના .... .... .... | ૩-૦-૦ | ૨-૦-૦ |
| ૬ ધનાશાલીભદ્રનો રાસ સચિત્ર .... .... | ૧-૪-૦ | ૧-૪-૦ |
| ૭ ચંદરાજાનું ચરિત્ર .... .... .... | ૨-૮-૦ | ૨-૦-૦ |
| ૮ દાનવીર રત્નપાળ .... .... .... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| ૯ ઉત્તમકુમાર ચરિત્ર .... .... .... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| ૧૦ મણિભદ્ર અને શ્રાવિકા રત્નમાળા સચિત્ર .... | ૧-૮-૦ | ૧-૦-૦ |
| ૧૧ શ્રી મહાવીર જીવન વિસ્તાર સચિત્ર .... | ૨-૦-૦ | ૧-૦-૦ |
| ૧૨ અભયકુમાર ચરિત્ર ભાષાંતર ભાગ ૧ સચિત્ર | ૩-૦-૦ | ૧-૮-૦ |
| ૧૩ ,, ભાગ ૨ .... .... | ૩-૦-૦ | ૧-૮-૦ |
| ૧૪ વિવેક વિલાસ ... ... .... | ૩-૦-૦ | ૨-૮-૦ |
| ૧૫ ભદ્રબાહુ સંહિતા .... .... ... | ૩-૦-૦ | ૨-૦-૦ |
| ૧૬ નરચંદ્ર જૈન જ્યોતિષ અને જ્યોતિષ હીર.... | ૩-૦-૦ | ૨-૦-૦ |
| ૧૭ વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧ થી ૪ પૃષ્ઠ ૭૦૦ અત્યાર સુધીની તમામ પૂજાઓનો સંગ્રહ સચિત્ર .... | ૨-૮-૦ | ૨-૦-૦ |
| ૧૮ વિવિધ પુજાસંગ્રહ ભા. ૧ થી ૪ પૃષ્ઠ ૭૭૫.... | ૫-૦-૦ | ૨-૮-૦ |
| ૧૯ સઝાયમાલા શાસ્ત્રી (તમામ સજાયનો સંગ્રહ) | ૨-૮-૦ | ૨-૦-૦ |
| ૨૦ પંચપ્રતિક્રમણ શાસ્ત્રી .... ... | ૦-૧૦-૦ | ૦-૮-૦ |
| ૨૧ વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત જ્યોતિષનો એક અપૂર્વ ગ્રંથ જ્યોતિષ સંબંધી ઘણા વિષયો છે | ૮-૦-૦ | ૬-૦-૦ |
| ૨૨ અષ્ટાંગ નિમિત અને દિવ્ય જ્ઞાન .... | ૩-૮-૦ | ૨-૮-૦ |

આ શીવાય દરેક જાતનાં જૈન ધર્મનાં પુસ્તકો શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-શ્રી જૈન આત્માનંદ સભા જૈન પત્રની ઓફીસ વીગેરેનાં અમારી પાસેથી મળી શકશે. જેનું લીસ્ટ પણ આ સાથે આપ્યું છે. એકજ સ્થળેથી મંગાવવાથી પોસ્ટ ખર્ચમાંપણ ઘણો ફાયદો થશે.

લખો :—**જૈન સસ્તી વાંચનમાળા,**
રાધનપુરી બજાર-**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અમારી પાસેથી મળતાં સભાઓ તથા બીજાનાં પુસ્તકો.

### શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનાં.

| | | કિંમત રૂ. |
|---|---|---|
| ૧ | અધ્યાત્તમ સરા મૂલ ગુજરાતી ભાષાંતર સહીત ... | ૨-૦-૦ |
| ૨ | અધ્યાત્તમ કલ્પદ્રુમ વિવેચન સાથે ગુજરાતી ... ... | ૨-૮-૦ |
| ૩ | ઉપદેશ પ્રસાદ ભાષાંત્તર ભા ૧ (સ્થંભ ૧ થી ૪) શાસ્ત્રી ... | ૨-૮-૦ |
| ૪ | ,, ભા. ૨ (સ્થંભ ૫ થી ૯)... .... | ૨-૦-૦ |
| ૫ | ,, ભા. ૩ (સ્થંભ ૧૦ થી ૧૪) ... | ૨-૦-૦ |
| ૬ | ,, ભા. ૪ થો (સ્થંભ ૧૫ થી ૧૯) | ૨-૮-૦ |
| ૭ | ,, ભા. ૫ મો ( ,, ૨૦ થી ૨૪) | ૨-૮-૦ |
| ૮ | ભોજ પ્રબંધ ભાષાંતર | ૧-૮-૦ |
| ૯ | આનંદ ધનજીકૃત ચોવીશી સાર્થ તથા વીસ સ્થાનક તપ સંબંધી સર્વ સંગ્રહ ... ... .... | ૨-૮-૦ |
| ૧૦ | ઉપમિતી ભવપ્રપંચ કથા ભાષાંતર ભા. ૧ (પ્રસ્તાવ.-૧-૨-૩) | ૩-૦-૦ |
| ૧૧ | ,, ભા. ૨ (પ્રસ્તાવ.-૪-૫-૬) | ૩-૦-૦ |
| ૧૨ | ,, ભા. ૩ ( પ્રસ્તાવ.-૭-૮ ) | ૩-૮-૦ |
| ૧૩ | ચોસઠ પ્રકારી પૂજા તથા કથા અને વિસતૃત વ્યાખ્યાન સહીત | ૧-૮-૦ |
| ૧૪ | જયાનંદ કેવલી ચરિત્ર ભાષાંતર ... .... ... | ૩-૦-૦ |
| ૧૫ | ત્રિષષ્ટીશલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ ... | ૩-૪-૦ |
| ૧૬ | ,, પર્વ ૩-૪-૫-૬ ... ... .... | ૩-૪-૦ |
| ૧૭ | ,, પર્વ ૭-૮-૯ .... .... ... | ૪-૦-૦ |
| ૧૮ | ,, પર્વ ૧૦ મું .... ... .... | ૨-૮-૦ |
| ૧૯ | ધન્યકુમાર ચરિત્ર ભાષાંતર ગુજરાતી | ૨-૮-૦ |
| ૨૦ | ધમ્મિલકુમાર ચરિત્ર ,, ,, | ૨-૦-૦ |
| ૨૧ | પુંડરિક સ્વામી ચરિત્ર સચિત્ર ગુજરાતી ભાષાંતર | ૪-૦-૦ |
| ૨૨ | શ્રી મલ્લીનાથ ચરિત્ર ,, | ૧-૮-૦ |
| ૨૩ | શ્રી વસ્તુપાલ ચરિત્ર ,, | ૧-૮-૦ |
| ૨૪ | શ્રી શાન્તિનાથ ચરિત્ર ,, | ૨-૦-૦ |
| ૨૫ | શ્રી હિત શિક્ષાના રાસનું રહસ્ય ,, | ૧-૮-૦ |
| ૨૬ | સુરિશ્વર અને સામ્રાટ ગુજરાતી | ૩-૮-૦ |
| ૨૭ | ચૈત્યવંદન પર્વાદિ સ્તવન સંગ્રહ (લાભશ્રીજીવાળુ) | ૧-૪-૦ |

For Private And Personal Use Only

## શ્રી જૈન આત્માનંદ સભાનાં.

| | |
|---|---|
| ૧ જૈન તત્વાદર્શ ( શાસ્ત્રી ) | ૫-૦-૦ |
| ૨ આત્મબોધ ભાષાંતર ( શાસ્ત્રી ) | ૨-૮-૦ |
| ૩ શ્રી જંબુસ્વામી ચરિત્ર ભાષાંતર | ૦-૮-૦ |
| ૪ નવાણુ પ્રકારી પૂજા અર્થ સાથે | ૦-૮-૦ |
| ૫ શ્રી શ્રાદ્ધગુણ વિવરણ-ભાષાંતર | ૨-૦-૦ |
| ૬ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ ભાષાંતર | ૨-૦-૦ |
| ૭ ,, ભાગ ૨ ,, | ૨-૮-૦ |
| ૮ આદર્શ જૈન સ્ત્રી રત્નો | ૧-૦-૦ |
| ૯ શ્રી કુમારપાળ પ્રતિબોધ ભાષાંતર | ૩-૧૨-૦ |
| ૧૦ ધર્મબિંદુ ભાષાંતર | ૨-૦-૦ |
| ૧૧ શ્રી નવપદપૂજા અર્થ સાથે | ૧-૪-૦ |
| ૧૨ શ્રી નેમનાથ ચરિત્ર ભાષાંતર | ૨-૦-૦ |
| ૧૩ શ્રી ધર્મરત્ન પ્રકરણ ,, | ૧-[illegible]-૦ |
| ૧૪ શ્રી દાન દીપ ભાષાંતર | ૩-૦-૦ |

## જૈનપત્રની ઓફીસનાં પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ વિરશિરોમણી વસ્તુપાળ યાને પાટણની ચડતી પડતી | ભા. ૧ | ૨-૦-૦ |
| ૨ ,, ,, | ભા. ૨ | ૨-૦-૦ |
| ૩ ,, ,, | ભા. ૩ | ૩-૦-૦ |
| ૪ ભાગ્ય વિધાયક ભામાશાહ યાને મેવાડનો પુનરૂદ્ધાર | | ૨-૦-૦ |
| ૫ ધર્મજીજ્ઞાસુ અકરુર | | ૨-૦-૦ |
| ૬ ગુર્જરેશ્વર કુમારપાળ સચિત્ર | | ૪-૦-૦ |
| ૭ મહિલા મહોદય ભા. ૧ | સ્ત્રીઓ માટે ખાસ ઉપયોગી | ૨-૦-૦ |
| ૮ ,, ભા. ૨ | દરેક ઘરમાં રાખવા લાયક | ૨-૦-૦ |
| ૯ નવસ્મરણ સચિત્ર. ગુજરાતી કાવ્ય સાથે. | | |

૧૦ અર્પણ જાણીતા લેખક રા. સુશીલની કસાયેલી કલમથી લખાયેલું આ પુસ્તક વાંચવા જેવું છે. ૧-૦-૦

જૈન ઓફીસનાં પુસ્તકોની વધુ હકીકત તેમનાં તરફનાં વ્હેંચાતાં હેન્ડબીલ અને પેપરથી જાણી શકાશે.

આ સીવાય દરેક જાતનાં જૈન ધર્મનાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે. એકજ સ્થળેથી મંગાવવાથી પોસ્ટ ખર્ચમાં ઘણો ફાયદો થશે. જેથી જ્યારે કોઈપણ જાતનાં પુસ્તકોની જરૂર પડે ત્યારે અમારૂં નામ ધ્યાનમાં લેશો. ઉદ્યાપન અને તેવા ધાર્મીક પ્રસંગોમાં અમારા પુસ્તકો સામટાં મંગાવવાથી ફાયદાથી મોકલાય છે.

લખો— **જૈન સસ્તી વાંચનમાળા** રાધનપુરી બજાર-**ભાવનગર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક યાત્રી બંધુને

## આ બે પુસ્તકો લેવાની ખાસ જરૂર છે.

૧ **શત્રુંજય મહાતિર્થાદિ-યાત્રા વિચાર**—શ્રીમાન્ શાંતમૂર્તી સદગુણાનુરાગી મુની મહારાજશ્રી કપુરવિજયજી મહારાજશ્રીની કૃતીનું આ પુસ્તક સૌ કોઇને ઉપયોગી હોય તેમાં લખવાપણુંજ નથી. કારણકે-વાંચકને ઉપયોગી થાય અને કોઇપણ રીતે યાત્રાએ આવનાર, તે વાંચી સાર ગ્રહણ કરી તે પ્રમાણે વર્તે તેજ તેઓશ્રીની અભિલાષાથી આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. પાંચે તિર્થનો ઇતિહાસ-કલ્પો તેમજ તિર્થસ્થાનમાં રાખવી જોઇતી સાવચેતી, ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિ, થોયો વીગેરેના સંગ્રહ સાથે બીજી ઘણી ઉપયોગી બાબતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. પૃષ્ઠ ૩૦૦ લગભગ છતાં કિ. ૦-૮-૦ સો નકલના રૂા. ૪૫ શ્રીમંતોએ આ પુસ્તકની સામટી નકલો લઈ ખાસ વહેંચવાની જરૂર છે.

૨ **શ્રી કચ્છી ગિરનારની મહાયાત્રા**—શેઠ નગીનદાસભાઇએ કાઢેલ કચ્છના સંઘનો ઇતિહાસ. ભદ્રેશ્વર તિર્થ જામનગર અને કચ્છના બીજા દેરાસરો-રાજા-મહારાજા વીગેરે તેમજ સંઘવીજી વિગેરે ૩૦ ચિત્રો, પૃષ્ઠ ૩૫૦ પાકું રેશમી પુઠું.

આ પુસ્તક વાંચવાથી-શેઠશ્રીની ઉદારતા અને સંઘની ભવ્યતાનો સ્હેજે ખ્યાલ આવી જશે. ઘરમાં આવું પુસ્તક રાખવાની જરૂર છે. કિ. રૂા. ૨)

લખો :—**જૈન સસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર—ભાવનગર.

## તાકીદે ખરીદો :-દર્શન ચોવીશી અનાનુપૂર્વિ.

( દરેક ઘરમાં એક કોપી ખાસ રાખવા લાયક છે. )

જે ખાસ રંગબેરંગી સુંદર સાત કલરોથી તૈયાર કરવામાં આવેલ છે જેમાં શ્રી ચોવિશ જિનેશ્વરો તથા શ્રી ગૌતમ સ્વામીની સુંદર અને આકર્ષણિય છબીઓ દાખલ કરેલ છે તથા દરેકની સાથે અનાનુપૂર્વિના કોઠાઓ તથા ગણવાની રીત અને ફાયદા દાખલ કરવામાં આવેલ છે જે પોતાની નિત્ય ક્રિયામાં અને પ્રાતઃ સ્મરણમાં અતિ ઉપયોગી થઇ પડે તેમછે સુંદર આર્ટપેપર કાગળ સોનેરી પુઠું હોવા છતાં કિમ્મત માત્ર રૂા. ૦-૮-૦ નફો શુભ માર્ગે વપરાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતો. શેઠ શ્રી માણેકલાલભાઇએ આથી ખરેખરી શાસન પ્રભાવના અને મળેલ લક્ષ્મી અને મનુષ્ય ભવનું સાર્થક કર્યું છે અમો તેની અનુમોદના કરીયે છીયે. શ્રીસિદ્ધચક્રજી મહારાજની ભક્તિ આયંબીલ તપ અને આરાધન મનુષ્ય જન્મને ભવોભવ માટે પરમ અમૃત તુલ્ય છે અને સર્વ વિઘ્નો નાશ કરનાર છે એમ શાસ્ત્રકાર મહારાજ કહે છે. લક્ષ્મીવાન મનુષ્યોએ આવી આરાધનાનુ અનુકરણ કરવા જરૂરતું છે.

# સ્વીકાર અને સમાલોચના.

૧ કરેમિભન્તે ! સૂત્ર ( સકલ દ્વાદશાંગોપનિષદ્ ) અથવા ભગવાન મહાવીરનું જીવન રહસ્ય ( ભગવાન્ મહાવીરની મહા-પ્રાતજ્ઞા, ) ભાગ ૧ લો યોજક અને પ્રકાશક **પ્રભુદાસ બહેચરદાસ** પારેખ વ્યવસ્થાપક જૈન વિદ્યા-ભુવન-રાધનપુર આ એકજ સૂત્રમાં કેટલી બધી ખુબી અને મહત્વતા છે તેનો ખ્યાલ આપવાના ઉદ્દેશથી આ પુસ્તક લખવા તેના લેખક શ્રી પ્રેરાયા છે તેમ જણાય છે. જૈન શાસનના કેંદ્ર ભૂત આ પ્રભાવિક સૂત્રનો ઉચ્ચાર કરી ભગવાન મહાવીરે સાડા બાર વર્ષ ઉગ્રતપ કરી, ઘોર પરિષહો સહન કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી જગતને તેનોજ ઉપદેશ આપ્યો વિગેરે વસ્તુ મહાવીર દેવના જીવનના પ્રસંગો સાથેજ આપી આ ગ્રંથની રચના કરવામાં આવી છે. આ ગ્રંથની રચના પાત્રોની યોજના ભાષા શૈલી વગેરે નવીન અને સુંદર રીતે ગ્રંથમાં ધારણ કરેલ હોવાથી વાચકને વાંચતા રસ પડે તેવું છે. પુસ્તકનો આશય વધારે સ્પષ્ટ થવા પાછળ ટીપ્પણી આપવાની અગત્યતા સ્વીકારેલી છે તે પુરી પાડવાનું તથા આ ગ્રંથના બીજા ભાગો જલદી પ્રગટ કરવાની સૂચના આપવા સાથે આ ગ્રંથ વિશેષ આવકાર દાયક થાઓ તેમ ઇચ્છીએ છીએ.

૨ **શ્રી રીખવદેવ**— જીવ વિચાર પ્રવેશિકા-લેખક-**ધીરજલાલ ટોકરશી શાહ** મુલ્ય એક આનો અને સવા આનો બાળકોની કેળવણી શરૂ થતાં ધાર્મિક સંસ્કાર અને જ્ઞાન સરલતાથી પ્રાપ્ત કરે તે માટે આવા બાળ સાહિત્યની ચાલતા જમાના માટે જરૂરીયાત ઉભી થયેલી છે. સામાજિક કેળવણી માટે આવું બાળ સાહિત્ય કોઇ કોઇ સ્થળે ઉત્પન્ન થયેલું જોવામાં આવે છે પરંતુ જૈન સમાજમાં પણ આ તરફ લક્ષ દોરાયેલું જોઇ તેવું બાળસાહિત્ય પ્રકટ થઇ તે આવકાર પામે એમ અમો ઇચ્છીએ છીએ. શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાઇટી અંબાલા ( પંજાબ ) તરફથી આવી બાળોપયોગી બુકો હિંદી ભાષામાં પ્રગટ થાય છે. તેવીજ રીતે ગુજરાતી ભાષામાં પણ જરૂરીઆત છે. જીવ વિચાર જેવા તત્ત્વજ્ઞાનના વિષયો આવી સરલ રીતે પ્રકટ થતાં બાળકો તે જલદીથી ગ્રહણ કરી શકે તે સ્વાભાવિક છે અને તેવો આશય લેખક મહાશયનો હોય તો સ્વાભાવિક છે. આ રીતે બીજા પુષ્પો તૈયાર થાય તેમ ઇચ્છીએ છીએ.

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | |
|---|---|---|
| ૧ | શા છોટાલાલ મગનલાલ | ભાવનગર. |
| ૨ | શા જાદવજી લલ્લુભાઇ | બીજા વર્ગના લાઇફ મેમ્બર. |
| ૩ | શા દામોદરદાસ ભીખાભાઇ | |

# જોઇએ છીએ.

શ્રી વરકાણા જૈન વિદ્યાલય માટે એક શ્વે૦ જૈન, ઉપર લાયક, ઉંચી કેળવણી લીધેલ સંસ્થાઓનો અનુભવી, સારીવર્તણુંકવાળા માણસની સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકેની જરૂર છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.

લખોઃ—**શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય.**
મુ. વરકાણાતીર્થ રાણીથઇ ( મારવાડ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્યનાં ઉત્થાન માટે આવશ્યક જીવન.

"કવિ મિલ્ટને કહ્યું. છે કે કવિ થવા માટે કવિનું જીવન એક કાવ્ય હોવું જોઇએ. અને એમ હોય તો વ્યષ્ટિ–સમષ્ટિ ન્યાયે આ પણ સત્ય નથી કે જન સમાજનાં હૃદયમાંથી કાવ્ય ઉદ્‌ભવવા માટે જન સમાજ પોતે કાવ્યરૂપ હોવો જોઇએ ? કાવ્યરૂપ હોવું એટલે એનાં જીવનમાં વીર અને અદ્‌ભુત પ્રધાન મહાકાવ્યના સર્ગો સર્જાવા જોઇએ, એનાં પાત્રોમાં વિશિષ્ટતા, વિવિધતા અને અલૌકિક સંવિધાન ભર્યાં જીવનનાં નાટકો–અનુકરણ નહિ, પણ ભાવના ચિત્રો પ્રકટ થવાં જોઇએ, તથા એનું હૃદય રસના ઉછાળાથી ઉભરાવું જોઇએ. આ અત્યારે આપણાં જીવનમાં છે ? આત્મ જુગુપ્સાના દોષ વિના અને વિષાદને વશ થયા વિના આપણે કહી શકીએ કે જગત્‌ને ચકિત કરે કે મોહ પમાડે એવી ભવ્યતા કે સુંદરતા હજી આપણાં જીવનમાં આવી નથી,–આપણાં જીવનમાં વિશિષ્ટતા કે વિવિધતા નથી. અને આપણી વૃતિઓ દુબળી, ઘરડી અને વસુકેલી ગાયો જેવી છે. આવી સ્થિતિમાં સાહિત્યની લક્ષ્મી કયાંથી સંભવે ? અત્યાર સુધી તો મોહ નિદ્રામાંથી જાગી, આંખો ચોળી, ઉંઘ ઉરાડી, આસપાસ દૃષ્ટિ ફેરવવામાં અને બહુ તો પથારીમાંથી ઉભા થવામાં આપણો વખત ગયો છે. પરાક્રમને પંથે તો પ્રજા હજી હવે જ ચઢે છે. ઉત્થાન કાળની ઝાડી અને ડુંગરાની કરાડોમાંથી પસાર થઇને શાંતિની અધિત્યકાએ પહોંચ્યા વિના સાહિત્યનો યુગ જામતો નથી. જગત્‌ના સાહિત્ય સમુલ્લાસના સુપ્રસિદ્ધ મહાન યુગો એકજ મહાન નિયમ પોકારી રહ્યા છે કે ક્ષોભ–મન્થમ–વિગ્રહ એ વિના ખરી શાંતિ નથી, અને શાંતિ વિના સાહિત્ય નથી. આમ ક્ષોભ અને શાંતિ ઉભય પરસ્પર વિરૂદ્ધ દીસતાં કારણોમાંથી સાહિત્યના અમૃત નીકળે છે. જડ જર્જર જીવનનો નાશ એ જીવનના પુનરૂલ્લાસ માટે આવશ્યક છે. પાન ખરે છે ત્યારે જ નવી કુંપળો ફુટે છે. આમ જીવનની વિષમતા એ સાહિત્યની માતા બને છે. અત્યારે આપણા દેશનું જીવન એવી વિષમતામાંથી પસાર થઇ રહ્યું છે. અને એ વિષમતામાંથી પ્રજામાં જે નવજીવન પ્રકટયું છે એમાં જ આપણા ભવિષ્યનાં સાહિત્યની આશા રહેલી છે."

શ્રી આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ.

For Private And Personal Use Only